RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 | Issue : 373 | Dt. 18-07-2026 | Page : 08 | Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## 'વંદે માતરમ' ગાતા અટકાવશો તો 3 વર્ષની જેલ

### ચોમાસુ સત્રમાં મોદી સરકાર લાવશે નવો કડક કાયદો : કેન્દ્રીય કેબિનેટે આપી મંજૂરી

નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્'ના સન્માન અને ગૌરવને વધુ સુદ્રઢ કરવા માટે એક અત્યંત મોટો અને ઐતિહાસિક નિર્ણય લેવાની તૈયારીમાં છે. સંસદના આગામી ચોમાસુ સત્રમાં સરકાર દ્વારા એક નવું બિલ રજૂ કરવામાં આવશે, જેમાં રાષ્ટ્રીય ગીત ગાતા અટકાવનાર કોઈપણ વ્યક્તિને ૩ વર્ષ સુધીની જેલની સજા ફટકારવાની કડક જોગવાઈ સામેલ હશે.

અત્યાર સુધી આ નિયમ માત્ર રાષ્ટ્રગાન 'જન-ગણ-મન' માટે જ લાગુ પડતો હતો, પરંતુ હવે તે રાષ્ટ્રીય ગીત માટે પણ સમાન રીતે અમલી બનવા જઈ રહ્યો છે. તાજેતરમાં જ કેન્દ્રીય કેબિનેટ દ્વારા આ મહત્વપૂર્ણ બિલને લીલી ઝંડી આપી દેવામાં આવી છે. આ નવા ખરડાની જોગવાઈઓ મુજબ, જો કોઈ વ્યક્તિ જાણીજોઈને રાષ્ટ્રગાન કે રાષ્ટ્રીય ગીત ગવાતું અટકાવશે, તેમાં કોઈપણ પ્રકારની અડચણ ઊભી કરશે અથવા આવી દેશભક્તિપૂર્ણ સભામાં હંગામો મચાવશે, તો તેને ૩ વર્ષ સુધીની જેલની આકરી સજા થઈ શકે છે. કેન્દ્ર સરકાર આ બિલને સૌપ્રથમ રાજ્યસભામાં રજૂ કરશે. નોંધનીય છે કે, આ પહેલા મોદી સરકાર દ્વારા તમામ સરકારી કાર્યક્રમોમાં વંદે માતરમ્ ગાવું ફરજિયાત કરવામાં આવી ચૂક્યું છે.સરકારે સંસદના આ ચોમાસુ સત્ર માટે જે વિવિધ કાયદાઓ તૈયાર કર્યા છે, તેમાં રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમ **(Prevention of Insults to National Honour Act)**માં સુધારો કરવાનું બિલ લોકસભામાં લિસ્ટ કરવામાં આવ્યું છે. આ સુધારા દ્વારા જ રાષ્ટ્રીય પ્રતીકો અને ગીતોના અપમાન સામે કડક કાનૂની જોગવાઈઓ પ્રસ્થાપિત કરવામાં આવશે.

આ ઉપરાંત, સરકાર લોકસભામાં એક એવું બિલ પણ લાવવા જઈ રહી છે જેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના સોવરિન ડેટ માર્કેટ **(Sovereign Debt Market)**ને વધુ મજબૂત કરવાનો છે, જેથી કરીને વિદેશી મૂડીરોકાણ સરળતાથી અને ઝડપથી ભારતમાં લાવી શકાય. આ સિવાય દેશમાં આવતા વિદેશી ફંડિંગ પર ચાંપતી નજર રાખવા માટે ફોરેન કન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ **(FCRA)**માં સુધારો કરવાનું એક મહત્વનું બિલ પણ લોકસભામાં ચર્ચા અને પસાર કરવા માટે લિસ્ટ કરવામાં આવ્યું છે.



**રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમમાં સુધારો કરી રાષ્ટ્રગાન 'જન-ગણ-મન'ની જેમ જ રાષ્ટ્રીય ગીત માટે પણ સજાની જોગવાઈ લાગુ કરાશે : જન્મ-મરણ નોંધણી, FCRA અને સોવરિન ડેટ માર્કેટ અંગેના મહત્વપૂર્ણ બિલ પણ લોકસભામાં રજૂ થશે**

આ જ સત્રમાં સરકાર જન્મ અને મૃત્યુની નોંધણીને લઈને પણ અત્યંત કડક વલણ અપનાવવા જઈ રહી છે. જો કોઈ વ્યક્તિ જન્મ કે મરણની નોંધણી કરાવવામાં બિનજરૂરી વિલંબ કરશે, તો તેની સામે કડક કાનૂની કાર્યવાહી અને સજા કરવા માટેનું સુધારા બિલ પણ વિશેષ રૂપે લોકસભાની કાર્યસૂચિમાં સામેલ કરી દેવામાં આવ્યું છે.

---

ગુજરાત ATSની ટીમોએ અલગ અલગ જિલ્લામાંથી દબોચ્યા

## જૈશ-એ-મોહમ્મદના ૫ આતંકીની ઝડપાયા



નવી દિલ્હી, તા.૧૭

ગુજરાતમાં આતંકવાદી નેટવર્ક અને સ્લીપર સેલ સામે ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડે (ATS) ફરી એકવાર બહુ મોટું અને સફળ ઓપરેશન પાર પાડ્યું છે. રાજ્યની સુરક્ષા એજન્સીઓને મળેલી ચોક્કસ બાતમીના આધારે એટીએસની ટીમોએ ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં એકસાથે દરોડા પાડીને આંતરરાષ્ટ્રીય આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા વધુ પાંચ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરી છે. પોલીસનું આ એક સફળ ઓપરેશન હતું. જેમાં આતંકવાદીઓને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પકડાયેલા તમામ પાંચેય આતંકીઓ પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠનના આકાઓના સીધા સંપર્કમાં હતા અને ગુજરાતમાં કોઈ મોટી આતંકી ઘટનાને અંજામ આપવાની ફિરાકમાં હતા. એટીએસની ટીમો દ્વારા અત્યારે આ તમામ આતંકીઓના રહેઠાણ અને ગુપ્ત ઠેકાણાઓ પર સઘન સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. તેમની પાસેથી દેશવિરોધી સાહિત્ય, ડિજિટલ ઉપકરણો અને શંકાસ્પદ દસ્તાવેજો મળી આવ્યા હોવાનું સૂત્રો તરફથી જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત એટીએસ દ્વારા આ મોડ્યુલનો પર્દાફાશ કરવા માટે છેલ્લા ઘણા સમયથી વોચ રાખવામાં આવી રહી હતી. આ પહેલા પણ જૈશ-એ-મોહમ્મદ સંગઠન સાથે કનેક્શન ધરાવતા ૮ જેટલા સક્રિય આતંકીઓને એટીએસ અગાઉ ઝડપી પાડી ચૂકી છે. અગાઉ પકડાયેલા આતંકીઓની પૂછપરછમાં ખુલેલી વિગતો અને કડીઓના આધારે જ આ નવું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં વધુ ૫ દેશદ્રોહીઓ કાયદાના સકંજામાં આવ્યા છે. આમ ગુજરાત એટીએસએ અત્યાર સુધીમાં કુલ ૧૩ આતંકીઓને દબોચી લીધા છે.

હાલમાં એટીએસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ તમામ આતંકીઓના ફંડિંગ સોર્સ, સ્લીપર સેલના નેટવર્ક અને ગુજરાતમાં તેમના સ્થાનિક સંપર્કો કોણ કોણ હતા તે દિશામાં સઘન અને ગુપ્ત પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.ATS દ્વારા ૧૩ જુલાઈને રોજ સિદ્ધપુરમાં એક ગુપ્ત તપાસ હાથ ધરવામાં આવી હતી. મળતી વિગતો અનુસાર, સિદ્ધપુરના વ્યસ્ત એવા ઝાંપલીપોળ વિસ્તારમાં એટીએસની ટીમ ત્રાટકી હતી અને ત્યાં મોડી સાંજ સુધી એક કટલરીના વેપારીની દુકાનમાં સઘન પૂછપરછ અને તપાસ કરી હતી. આ કટલરીની દુકાનમાંથી નાના રમકડાંમાં વપરાતી બેટરીઓની ખરીદી કરવામાં આવી હોવાની આશંકાને પગલે એટીએસ દ્વારા આ ઓપરેશન હાથ ધરાયું હતું

---

## 'સેકન્ડ ક્લાસ મુસાફર' શબ્દ બંધારણ વિરોધી

નવી દિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટે ભારતીય રેલવેમાં મુસાફરોની સુરક્ષા અને સુધારા અંગે મહત્ત્વનો નિર્ણય આપ્યો છે. જસ્ટિસ સંય કરોલ અને એન. કોટિશ્વર સિંહની બેંચે 'સેકન્ડ ક્લાસ મુસાફર' શબ્દને બંધારણ વિરોધી ગણાવ્યો છે. કોર્ટે નિર્દેશ આપ્યો છે કે હવે મુસાફરોને બદલે ટ્રેનના કોચના આધારે શ્રેણી નક્કી કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટે રેલવેમાં કર્મચારીઓની સંખ્યા વધારવાની પણ ભલામણ કરી છે, જેનાથી સુરક્ષા અને સુવિધાઓ સુધરશે.

'સેકન્ડ ક્લાસ મુસાફર' શબ્દ બંધારણ વિરોધી, સુપ્રીમ કોર્ટનો રેલવે અંગે ઐતિહાસિક ચુકાદો

સુપ્રીમ કોર્ટે ભારતીય રેલવેમાં સુધારો અને મુસાફરોની સુરક્ષા અંગે મોટો નિર્ણય સંભળાવ્યો છે. જસ્ટિસ સંય કરોલ અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની બેંચે રેલવેના દસ્તાવેજોમાં લખાયેલ 'સેકન્ડ ક્લાસ મુસાફર' શબ્દથી તીવ્ર વાંધો ઉઠાવ્યો છે.



**સુપ્રીમ કોર્ટનો રેલવે અંગે ઐતિહાસિક ચુકાદો**

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું કે, ભારતના ઈતિહાસમાં વર્ગ વિભાગને ધ્યાને રાખીને કોઈપણ વ્યક્તિનો 'સેકન્ડ ક્લાસ મુસાફર' તરીકે ઉલ્લેખ કરવો તે બંધારણ વિરોધી છે, તેથી મુસાફરના બદલે રેલવે કોચ કે ડબ્બા માટે શ્રેણીનો ઉલ્લેખ કરવો વધુ યોગ્ય રહેશે. કોર્ટે આદેશ આપ્યો છે કે, મુસાફરોએ ચૂકવેલ રકમના આધારે નહીં, પરંતુ ટ્રેનના કોચના આધારે કેટેગરી નક્કી કરવી જોઈએ, જેમાં તે વ્યક્તિ સફર કરવાનો છે. એટલે કે હવે કેટેગરીનો ઉલ્લેખ મુસાફરના બદલે માત્ર કોચના સંદર્ભમાં જ કરવો જોઈએ.

### રેલવેમાં કર્મચારીઓ વધારો : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે રેલવે સુરક્ષા વ્યવસ્થા અને મુસાફરોની સુવિધાને લગતા મુદ્દા પર ટિપ્પણી કરતાં કહ્યું કે, 'રેલવેની મોટાભાગની સુવિધાઓને અસરકારક રીતે લાગુ કરવા માટે વધુ કર્મચારીઓની જરૂર છે. રેલવે સ્ટેશનો અને ટ્રેનોમાં કામ કરતાં કર્મચારીઓની સંખ્યા વધારવી પડશે. દેશમાં આધુનિકીકરણના યુગમાં રેલવેમાં યુવાઓને રોજગાર આપવાથી તેઓને કાયમ આજીવિકા મળશે, આ ઉપરાંત મુસાફરોનો જીવ બચાવવામાં પણ મદદ મળશે.

---

## યુગાન્ડામાં પ્રવાસની બસનો અકસ્માત:૨૧ મોત

### મૃતકોમાં શાળાના ૨૦ બાળકો અને સ્કુલ સંચાલકનો સમાવેશ

નવી દિલ્હી, તા.૧૭

યુગાન્ડાથી એક ખૂબ જ દર્દનાક સમાચાર સામે આવ્યા છે, જ્યાં શૈક્ષણિક પ્રવાસથી પરત ફરી રહેલા માસૂમ બાળકોથી ભરેલી એક સ્કૂલ બસ અકસ્માતનો ભોગ બની ગઈ. પૂર્વ યુગાન્ડાના કપચોરવા જિલ્લામાં પ્રખ્યાત સિપી ફોલ્સ ફરીને પરત ફરી રહેલા વિદ્યાર્થીઓની બસ રોડ પરથી નીચે ઉતરીને પલટી ગઈ, જેના કારણે ઓછામાં ઓછા ૨૦ બાળકો અને એક પુખ્ત વયના વ્યક્તિનું મોત થયું છે. અન્ય ઘણા બાળકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે અને હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. આ અકસ્માતે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. એક ખુશખુશાલ શૈક્ષણિક પ્રવાસ થોડી જ ક્ષણોમાં શોકમાં ફેરવાઈ ગયો અને ઘણા પરિવારોએ પોતાના બાળકોને હંમેશા માટે ગુમાવી દીધા.

પોલીસના જણાવ્યા મુજબ આ અકસ્માત ગુરુવારે રાત્રે પૂર્વ યુગાન્ડાના કપચોરવા જિલ્લામાં થયો હતો. રાજધાની કંપાલા સ્થિત કિંગ ડેવિડ જુનિયર સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત પ્રખ્યાત પર્યટન સ્થળ સિપી ફોલ્સ ગયા હતા. પરત ફરતી વખતે અચાનક બસ અનિયંત્રિત થઈ ગઈ અને રોડ



પરથી નીચે ઉતરીને એક ખડક સાથે અથડાયા બાદ પલટી ગઈ. અકસ્માત એટલો ભયાનક હતો કે બસનો ઉપરનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો.

પોલીસે જણાવ્યું કે આ અકસ્માતમાં ઓછામાં ઓછા ૨૦ બાળકો અને એક પુખ્ત વયના વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. યુગાન્ડાના સ્થાનિક તંત્રના જણાવ્યા અનુસાર, મૃતક પુખ્ત વયના વ્યક્તિ સ્કૂલના સ્થાપક અને સંચાલક હોવાનું જણાય છે. અન્ય ઘણા બાળકોને ગંભીર ઈજાઓ થઈ છે, જેમાંથી ઓછામાં ઓછા નવ બાળકોની હાલત નાજુક હોવાનું કહેવાય છે.

અકસ્માત બાદ તરત જ આસપાસના ગ્રામજનો સૌથી પહેલા ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે ક્ષતિગ્રસ્ત બસમાંથી બાળકોને બહાર કાઢવામાં મદદ કરી અને ઈજાગ્રસ્તોને વિવિધ હોસ્પિટલોમાં પહોંચાડ્યા. સ્થાનિક લોકોની તત્પરતાને કારણે ઘણા બાળકોને સમયસર સારવાર મળી શકી.

પ્રારંભિક તપાસમાં આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ચાલકે બસ પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું. જોકે પોલીસે સ્પષ્ટ કર્યું છે કે અકસ્માતના વાસ્તવિક કારણોની તપાસ હજુ ચાલુ છે. અકસ્માત સમયે રોડની સ્થિતિ, વાહનની તકનીકી સ્થિતિ અને ચાલક સંબંધિત તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે.યુગાન્ડા સહિત ઘણા આફ્રિકાના દેશોમાં માર્ગ અકસ્માતો એક ગંભીર સમસ્યા બનેલી છે. ખરાબ રસ્તા, વાહનોની અપૂરતી જાળવણી અને વધુ પડતી ઝડપ ઘણીવાર આ અકસ્માતોનું મુખ્ય કારણ માનવામાં આવે છે. તાજેતરમાં ઉત્તરી યુગાન્ડામાં પણ એક બસ અને ટ્રકની ટક્કરમાં ૧૪ લોકોના મોત થયા હતા. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના આંકડા અનુસાર, રોડ સેફ્ટીની બાબતમાં આફ્રિકાની સ્થિતિ દુનિયામાં સૌથી ખરાબ માનવામાં આવે છે. આ મહાદ્વીપમાં દર વર્ષે ત્રણ લાખથી વધુ લોકોના માર્ગ અકસ્માતમાં મોત થાય છે.

---

# કરોડો કર્મચારીઓ માટે ખુશખબર: નવી પેન્શન સ્કીમની તૈયારી

## કેન્દ્ર સરકાર EPFO ૩.૦ હેઠળ લાવશે આધુનિક અને નવી પેન્શન સ્કીમ

નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્ર સરકાર દેશના કરોડો કર્મચારીઓની નિવૃત્તિ સુરક્ષાને મજબૂત કરવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને મોટું પગલું ભરવાની તૈયારી કરી રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, **EPFO 3.0** અંતર્ગત એક નવી પેન્શન યોજના લાવવાનો પ્રસ્તાવ સરકારની વિચારણા હેઠળ છે. આ યોજનાનો સૌથી મોટો ફાયદો એવા લાખો-કરોડો લોકોને મળશે જેઓ અત્યાર સુધી કર્મચારી પેન્શન યોજના **(EPS)** ના દાયરામાં નહોતા આવતા. આ નવી યોજનામાં મુખ્યત્વે ગિગ વર્કર્સ (જેમ કે ફૂડ ડિલિવરી બોય્ઝ અને કેબ ડ્રાઈવર્સ), પ્લેટફોર્મ વર્કર્સ, અસંગઠિત ક્ષેત્રના કર્મચારીઓ અને માસિક રૂપિયા ૧૫,૦૦૦ થી વધુ પગાર ધરાવતા ખાનગી કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવશે. આ વ્યાપક સુધારા અંતર્ગત **EPFઘ** ના ડિજિટલ પ્લેટફોર્મને વધુ આધુનિક બનાવીને તેને કોર બેંકિંગ સોલ્યુશન **(CBS)** સાથે જોડવામાં આવશે, જેથી ભવિષ્યમાં સભ્યોને એકદમ ઝડપી અને પારદર્શક સેવાઓ મળી શકે.

આ નવી યોજના હેઠળ દરેક સભ્યનું ડિજિટલ પ્લેટફોર્મ પર એક અલગ પેન્શન ખાતું ખોલવામાં આવશે. આ ખાતામાં કર્મચારી, માલિક અને સરકાર તરફથી મળતું યોગદાન નિયમિતપણે જમા થશે, જેને લાંબા ગાળાની સુરક્ષિત સરકારી યોજનાઓમાં રોકવામાં આવશે. કર્મચારીની ૬૦ વર્ષની ઉંમર પૂરી થવા પર આ જમા થયેલી કુલ રકમને તે સમયના પ્રવર્તમાન વ્યાજ દરના આધારે માસિક પેન્શનમાં બદલી દેવામાં આવશે. આ યોજનાને હાલની અન્ય પેન્શન યોજનાઓ કરતા વધુ ફ્લેક્સિબલ બનાવવામાં આવી છે. સભ્ય જ્યારે ૫૫ વર્ષની વયના થશે, ત્યારે તેમને પોતાની બચતનો ઉપયોગ કઈ રીતે કરવો તે નક્કી કરવાનો વિશેષ મોકો મળશે. રિટાયરમેન્ટ સમયે કર્મચારીઓ ઈચ્છે તો આખી રકમને પેન્શનમાં ફેરવી શકે છે અથવા સિસ્ટેમેટિક વિથડ્રોઅલ પ્લાન **(SWP)** દ્વારા દર મહિને પોતાની જરૂરિયાત મુજબ પૈસા ઉપાડી શકે છે.

ડિજિટલ યુગને અનુરૂપ, સભ્યોને એક સ્માર્ટ ડિજિટલ ડેશબોર્ડની સુવિધા પણ પૂરી પાડવામાં આવશે. આ ડેશબોર્ડ મારફતે કર્મચારીઓ કોઈપણ સમયે જોઈ શકશે કે અત્યાર સુધી તેમના ખાતામાં કેટલું ફંડ જમા થયું છે અને રિટાયરમેન્ટ સુધી અંદાજે કેટલું પેન્શન બની શકશે. નિષ્ણાતોના મતે, આ યોજના નેશનલ પેન્શન સિસ્ટમ **(NPS)** કરતાં ઘણી અલગ હશે કારણ કે આમાં કર્મચારીઓને પોતાની જરૂરિયાત મુજબ નાણાં ઉપાડવાની વધુ આઝાદી અને સગવડ મળશે. આ ઉપરાંત, કોઈ કમનસીબ સંજોગોમાં સભ્યના મૃત્યુ બાદ તેમના પરિવારને આર્થિક મદદ પૂરી પાડવા માટે એક ખાસ 'ફેમિલી બેનિફિટ ફંડ' બનાવવાનો પણ પ્રસ્તાવ આ નવી સ્કીમમાં સામેલ છે.

ભારતમાં રોજગારીની સ્થિતિ પર નજર કરીએ તો, અંદાજે ૫૫ કરોડ લોકોના કાર્યબળમાંથી લગભગ ૪૧.૮ કરોડ કર્મચારીઓ એવા છે જેઓ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે અને તેમની પાસે નિવૃત્તિ માટેની કોઈ જ નિયમિત પેન્શન વ્યવસ્થા નથી. સોશિયલ સિક્યોરિટી કોડ, ૨૦૨૦ હેઠળ ગિગ વર્કર્સને પહેલાથી જ સામાજિક સુરક્ષાના દાયરામાં સામેલ કરાયા છે, ત્યારે હવે આ નવી પેન્શન યોજના તેમને નિવૃત્તિ પછીની પાકી આર્થિક સુરક્ષા પૂરી પાડશે. જોકે, હાલમાં આ સમગ્ર પ્રસ્તાવ કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે અને આગામી સમયમાં તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવે તેવી પ્રબળ શક્યતાઓ છે.




**અસંગઠિત ક્ષેત્રના કામદારો તથા ૧૫ હજારથી વધુ પગાર ધરાવતા ખાનગી કર્મચારીઓને મળશે મોટી રાહત; EPFO ના ડિજિટલ પ્લેટફોર્મને કોર બેંકિંગ સોલ્યુશન (CBS) સાથે જોડી પેન્શન વ્યવસ્થાને બનાવાશે વધુ પારદર્શક અને ફ્લેક્સિબલ**

# મેલેરિયાના રેકોર્ડબ્રેક ૯૪ લાખથી વધુ ટેસ્ટ, ૪૮૬ દર્દીને મળી ફ્રી સારવાર

## ૧૯,૫૦૦ વધુ આરોગ્યની ટીમો દ્વારા ૬.૫૧ કરોડની વસ્તીનું સર્વેલન્સ, ૨૯ લાખ બ્રીડિંગ સાઈટ્સનો નાશ



ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં ચોમાસાની ઋતુની શરૂઆત થતાં જ મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા જેવા મચ્છરજન્ય રોગોના ફેલાવાને રોકવા માટે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા એક્શન મોડમાં કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં 'રાષ્ટ્રીય વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ' અંતર્ગત યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ અભિયાન હેઠળ વર્ષ-૨૦૨૬માં મેલેરિયાના વહેલા નિદાન માટે અત્યાર સુધીમાં રેકોર્ડબ્રેક ૯૪ લાખથી વધુ લોહીના નમૂના લેવામાં આવ્યા છે, જેમાં પોઝિટિવ જણાતા તમામ ૪૮૬ દર્દીઓને તંત્ર દ્વારા સંપૂર્ણપણે નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના સચોટ નિદાન માટે રાજ્યની મેડિકલ કોલેજો સંલગ્ન ૪૨ હોસ્પિટલોમાં ખાસ નિદાન કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે, જ્યાં અત્યાર સુધીમાં ડેન્ગ્યુ માટે ૬૫,૨૯૩ અને ચિકુનગુનિયા માટે ૯,૯૬૩ સીરમ સેમ્પલની તપાસ કરવામાં આવી છે.

મચ્છરોનો નાશ કરવા માટે આરોગ્ય વિભાગની ટીમો સીધી નાગરિકોના ઘર સુધી પહોંચી રહી છે. આ વર્ષે હાઉસ-ટુ-હાઉસ ઝુંબેશના બીજા રાઉન્ડ અંતર્ગત ૧૯,૫૦૦થી વધુ આરોગ્ય ટીમોએ ૬.૫૧ કરોડથી વધુની વસ્તીને સર્વેલન્સ હેઠળ આવરી લીધી હતી. આ હાઉસ-ટુ-હાઉસ સર્વે દરમિયાન તાવના લક્ષણો ધરાવતા દર્દીઓની તપાસ કરી મેલેરિયાના ૨૮ નવા કેસ શોધી કાઢવામાં આવ્યા હતા અને તુરંત જ તેમની સારવાર શરૂ કરી દેવાઈ હતી.

મચ્છરોના ઉપદ્રવને રોકવા માટે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ૨૯ લાખથી વધુ મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો -બ્રીડિંગ સાઈટ્સ સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, મચ્છરોના સફાયા માટે ૩ લાખથી વધુ ઘરોમાં ફોગિંગ -ધુમાડો કરવામાં આવ્યું છે. મચ્છરોનો ફેલાવો અટકાવવા કાયમી ધોરણે પાણી ભરાઈ રહેતું હોય તેવા ૪,૯૯૮ સ્થળો પર મચ્છરોના પોરા ખાઈ જતી ખાસ 'પોરાભક્ષક' -લાર્વીવોરસ માછલીઓ મૂકવામાં આવી છે. તદુપરાંત, રાજ્યના સંવેદનશીલ ૨૪ જિલ્લાના ૧૧૬ ગામોની ૧.૦૬ લાખની વસ્તીને જંતુનાશક દવાના પ્રથમ રાઉન્ડ હેઠળ આવરી લેવાઈ છે, જ્યારે આ દવાનો બીજો રાઉન્ડ આગામી ૧ ઓગસ્ટ ૨૦૨૬થી શરૂ કરવામાં આવશે.

રાજ્યમાં વાહકજન્ય રોગો સામેની આ લડતને જન-આંદોલન બનાવવા માટે આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ગુજરાતના તમામ સરપંચોને વહીવટી અને સામાજિક સહકાર આપવા અપીલ કરી છે. આ રોગચાળાને નાથવા માટે રાજ્યના તમામ સ્તરે મેલેરિયા વિરોધી ઔષધો, જંતુનાશકો અને લાર્વીસાઈડ્સનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવી દેવાયો છે. સોશિયલ મીડિયા તેમજ પ્રિન્ટ મીડિયાના માધ્યમથી જનજાગૃતિ પણ ફેલાવવામાં આવી રહી છે. બીજી તરફ, ગુજરાતને વાહકજન્ય રોગોથી સંપૂર્ણ સુરક્ષિત રાખવા માટે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર પરિસ્થિતિનું દૈનિક, સાપ્તાહિક અને માસિક ધોરણે કડક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

# જિલ્લા ફેરબદલી કેમ્પના બીજા તબક્કાને લીલી ઝંડી




**અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની રજૂઆતને મોટી સફળતા; વર્ષોથી વતનથી દૂર ફરજ બજાવતા હજારો શિક્ષક પરિવારોમાં ખુશીનો માહોલ : શિક્ષકોની આતુરતાનો અંતઃ**

રાજકોટ, તા.૧૭

રાજ્યના શિક્ષકો માટે એક અત્યંત રાહતરૂપ અને આનંદના સમાચાર સામે આવ્યા છે. શિક્ષક હિત અને શિક્ષણ હિત માટે કાર્યરત 'અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત'ના સતત પ્રયાસો અને ધારદાર રજૂઆતોના પગલે, રાજ્ય સરકારે પ્રાથમિક શિક્ષકોના જિલ્લા ફેરબદલી કેમ્પના બીજા તબક્કાને સત્તાવાર મંજૂરી આપી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ યોજાયેલા ઓનલાઈન અને ઓફલાઈન જિલ્લા ફેરબદલી કેમ્પ પૂર્ણ થયા બાદ પણ અનેક જિલ્લાઓમાં જગ્યાઓ ખાલી રહી હતી. બીજી તરફ, ફેરબદલી પ્રક્રિયામાં ભાગ લેવા છતાં હજારો શિક્ષક ભાઈ-બહેનો પ્રતીક્ષા યાદી (વેઈટિંગ લિસ્ટ) માં રહી ગયા હોવાથી તેમનામાં નિરાશા અને અસંતોષની લાગણી જન્મી હતી.

શિક્ષકોની આ વેદનાને ધ્યાને લઈ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ સમક્ષ સઘન રજૂઆત કરવામાં આવી હતી. સંગઠને માંગ કરી હતી કે અગાઉના કેમ્પમાં ખાલી રહેલી જગ્યાઓને એકત્રિત કરી, જ્યાં પ્રતીક્ષા યાદી બાકી હોય ત્યાં બીજા તબક્કાનો કેમ્પ યોજવામાં આવે. સંગઠનની આ વ્યાજબી માંગણીને શિક્ષણ વિભાગે હકારાત્મક અભિગમ સાથે સ્વીકારી લીધી છે.

પરિણામ સ્વરૂપ, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા ગત તા. ૧૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ એક સત્તાવાર પત્ર જારી કરીને પ્રતીક્ષા યાદી અને ઉપલબ્ધ ખાલી જગ્યાઓના આધારે બીજા તબક્કાની કાર્યવાહી શરૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

સરકારના આ સંવેદનશીલ નિર્ણયથી વર્ષોથી પોતાના વતન, પરિવાર અને બાળકોથી દૂર ફરજ બજાવતા શિક્ષકોને પોતાના ઘરની નજીક પરત ફરવાની સુવર્ણ તક મળશે. આ અંગે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ (રાજકોટ જિલ્લા) ના સંગઠન મંત્રી રામલાલ શિંગાળાએ હર્ષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ''આ માત્ર એક વહીવટી નિર્ણય નથી, પરંતુ હજારો શિક્ષક પરિવારોની આંખોમાં ફરી ઝળહળેલી નવી આશા હોવાનું મનાય છે!''

# અર્બન ચેલેન્જ ફંડમાંથી અમદાવાદના ૬ પ્રોજેક્ટ્સ માટે ૨૭૧૯ કરોડ મંજૂર

## અમદાવાદ શહેરના ગટર નેટવર્કના રીહેબીલીટેશનથી ગટર ઓવરફ્લો તથા લીકેજ જેવી સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે




ગાંધીનગર, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના શહેરી વિકાસમાં આમૂલ પરિવર્તન માટે શરૂ કરાવેલા અર્બન ચેલેન્જ ફંડમાંથી અમદાવાદ મહાનગરમાં ૬ જેટલા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ માટે ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે કુલ ૨૭૧૯.૮૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે મંજુર કરેલા આ પ્રોજેક્ટ્સમાં મુખ્યત્વે પશ્ચિમ અમદાવાદના મુખ્ય ગટર નેટવર્કના પુર્નવસન માટે ૮૫૨.૯૩ કરોડ, પૂર્વ અમદાવાદના મુખ્ય ગટર નેટવર્કના પુર્નવસન માટે ૫૫૧.૩૫ કરોડ, અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં જૂના ગટર નેટવર્કના પુર્નવસન માટે ૨૯૦.૨૪ કરોડ તથા ઈન્ટેલિજન્ટ વોટર મેનેજમેન્ટ સિસ્ટમ માટે ૨૧૫ કરોડ અને ૧૨૫ ઝડઉની ઈન્ટીગ્રેટેડ સ્લજ મેનેજમેન્ટ ફેસીલીટી માટે ૪૭૯.૨૫ તેમજ ઈંઝખજ અને અત્ર્ઋજ માટે ૩૩૧.૦૩ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

આ પ્રોજેક્ટ્સ કાર્યરત થતાં અમદાવાદ શહેરના ગટર નેટવર્કનું રીહેબીલીટેશન કરીને ગટર ઓવરફ્લો તથા લીકેજ જેવી સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે. એટલું જ નહિ, સમગ્ર ગટર અને સ્ટોર્મ વોટર સિસ્ટમનું રિયલ-ટાઇમ ડિજિટલ મોનિટરિંગ અને સ્માર્ટ સંચાલન શક્ય બનશે. ઉપરાંત, ગટરનાં સ્લજમાંથી બાયોગેસ અને ગ્રીન એનર્જીનાં ઉત્પાદનથી પર્યાવરણને અનુકૂળ અને સર્ક્યુલર ઈકોનોમીને પ્રોત્સાહન મળશે. ઈન્ટીગ્રેટેડ ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ સિસ્ટમ (ઈંઝખજ) અને ઓટોમેટેડ ફેર કલેક્શન સિસ્ટમના કારણે અખઝજ, ઇછ્ઝજ અને મેટ્રો માટે કોમન મોબિલિટી કાર્ડ અને કોમન જર્ની એપ્લિકેશન મારફતે નાગરિકોને સરળ મુસાફરીની સેવા, જાહેર પરિવહન સંબંધિત સચોટ અને રિયલ-ટાઈમ માહિતી, આર્ટિફિશ્યલ ઈન્ટેલલિજેન્સનો ઉપયોગ કરીને રૂટનું કાર્યક્ષમ આયોજન તેમજ આધુનિક ઈન બસ સર્વેલન્સ દ્વારા એન્હાન્સડ ઇન્સીડેંટ મેનેજમેન્ટ સાથે સુરક્ષિત અને સલામત સવારીની સુવિધા મળતી થશે.

આ પ્રોજેક્ટ્સ દ્વારા અમદાવાદને વધુ સ્માર્ટ, સ્વચ્છ, રિઝિલિયન્ટ અને વૈશ્વિક ધોરણોનું શહેર બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પ્રગતિ થશે. કાર્યક્ષમ, ટકાઉ અને ભવિષ્યલક્ષી શહેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસશે તથા નાગરિકોને વધુ ગુણવત્તાયુક્ત સેવાઓ પ્રાપ્ત થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સિટિઝન સેન્ટ્રિક, ટેક્નોલોજી બેઈઝ્ડ અને સસ્ટેનેબલ અર્બન ડેવલપમેન્ટ માટેનું વિઝન અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગત મળેલી આ મંજૂરીથી વધુ મજબૂત બનશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા દેશના શહેરોને માર્કેટ આધારિત ધિરાણ અને સંતુલિત પ્રાદેશિક વિકાસ તરફ આગળ વધવા પ્રોત્સાહિત કરવા માટે અર્બન ચેલેન્જ ફંડ શરૂ કરવામાં આવેલું છે અને ૫ વર્ષ દરમિયાન કુલ ૧ લાખ કરોડની કેન્દ્રીય સહાય માર્કેટ લેડ અર્બન ટ્રાન્સફર્મેશન માટે આ ફંડ પૂરી પાડે છે. આ યોજના અન્વયે ક્રિએટિવ રિડેવલપમેન્ટ ઓફ સીટીઝ, સીટીઝ એઝ ગ્રોથ હબ અને વોટર એન્ડ સેનિટેશન એમ ત્રણ વર્ટિકલ્સમાં પ્રોજેક્ટના કામો કરી શકાય છે. ગુજરાતને અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગત ૬,૪૭૫ કરોડની કેન્દ્રીય સહાય ઉપલબ્ધ કરાવવામાં આવેલી છે. જેનાથી રાજ્યના શહેરો દ્વારા કુલ ૨૫ હજાર ૯૦૦ કરોડની રકમના કામો અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગત હાથ ધરી શકાશે.

આ ફંડ અંતર્ગત પ્રોજેક્ટ્સની રકમના ૨૫ ટકા કેન્દ્ર સરકારની સહાય, ૨૫ ટકા રાજ્ય સરકારની સહાય અને બાકીના ૫૦ ટકા મ્યુનિસિપલ બોન્ડ, લોન અથવા ડડડ દ્વારા ઉપલબ્ધ કરવાની રહે છે. તદઅનુસાર, અમદાવાદ મહાનગરપાલિકાને આ ૬ પ્રોજેક્ટ્સ માટે ૬૭૯.૯૫ કરોડની કેન્દ્રીય સહાય તથા ૬૭૯.૯૫ કરોડની રાજ્ય સરકારની સહાય મળશે બાકીની રકમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન લોનથી મેળવશે.

# રાજકોટનું ગૌરવ માહી રાણપરા

## સ્ટેટ લેવલ ટેબલ ટેનિસ સ્પર્ધામાં ડબલ ગોલ્ડ મેળવ્યો



રાજકોટ,તા.૧૭

રમતગમત ક્ષેત્રે રાજકોટના ખેલાડીઓ સતત પોતાનું કૌવત બતાવી રહ્યા છે. ત્યારે રાજકોટની એસ.એન.કે. (SNK) સ્કૂલમાં અભ્યાસ કરતી માત્ર ૧૫ વર્ષની માહી તેજસ રાણપરાએ ટેબલ ટેનિસની રમતમાં અદભુત પ્રદર્શન કરી રાજકોટ શહેર અને પોતાના પરિવારનું નામ સમગ્ર ગુજરાતમાં રોશન કર્યું છે.

ગાંધીનગર ખાતે તાજેતરમાં યોજાયેલી 'ઓલ ગુજરાત ICSE બોર્ડ' વિદ્યાર્થીઓની રાજ્યકક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધામાં અંડર-૧૭ (Under-17) ગર્લ્સ કેટેગરીમાં માહીએ પોતાની સ્કૂલનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ સ્પર્ધાના નિયમ મુજબ ખેલાડીઓને માત્ર એક જ કેટેગરીમાં રમવાની તક હતી, પરંતુ માહીએ આ તકને સુવર્ણ તકમાં ફેરવી નાખી હતી. તેણે પોતાના શાનદાર પ્રદર્શનથી હરીફોને જબરદસ્ત પડકાર આપીને સિંગલ્સ અને ટીમ ઈવેન્ટ એમ બંનેમાં ગોલ્ડ મેડલ ઋત્રઋ પોતાના નામે કરી સ્પર્ધામાં ડબલ ધમાકો કર્યો છે. માહીની આ શાનદાર સફળતાએ સાબિત કરી દીધું છે કે રાજકોટ જીમખાના ક્લબ (RGC) ની ઉત્કૃષ્ટ તાલીમ ખેલાડીઓને મેદાનમાં અચૂક સફળતા અપાવે છે. RGC ની સઘન તાલીમ અને માહીની મહેનત ટેબલ ટેનિસના ટેબલ પર પણ સ્પષ્ટપણે જોવા મળી હતી.

માહીની આ ઝળહળતી સિદ્ધિ બદલ તેના દાદા શ્રી પ્રકાશભાઈ રાણપરા અને સમગ્ર રાણપરા પરિવાર અત્યંત ગર્વની અનુભૂતિ કરી રહ્યો છે. બે ગોલ્ડ મેડલ જીતીને રાજકોટનું નામ ચમકાવનાર દીકરી માહી પર RGC, SNK સ્કૂલ અને રાજકોટના રમતપ્રેમીઓ તરફથી અભિનંદન અને શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

# કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલનો ૧૨૧ વર્ષનો સેવાયજ્ઞ





**૧૨૧ વર્ષની સેવા યાત્રાના ભાગરૂપે આગામી સમયમાં રાજકોટ અને સૌરાષ્ટ્ર આસપાસના વિસ્તારોમાં નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પના આયોજન, પ્રથમ કેમ્પ રાજકોટ સેન્ટ્રલ જેલ ખાતે**

રાજકોટ, તા.૧૭

રાજકોટની જાણીતી અને સૌરાષ્ટ્રની વિશ્વસનીય આંખની સારવાર કરતી કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલ જે ગુજરાતની અગ્રગણ્ય હોસ્પિટલોમાં સ્થાન ધરાવે છે, તેને આ વર્ષે પોતાની સ્થાપનાના ગૌરવપૂર્ણ ૧૨૧ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. વર્ષ ૧૯૦૫માં સ્થાપાયેલી આ હોસ્પિટલ માત્ર એક તબીબી સંસ્થા નથી, પરંતુ ચાર પેઢીઓથી અવિરત સેવા, વિશ્વાસ, નૈતિકતા અને આંખની આધુનિક સારવારનો જીવંત વારસો છે.

૧૨૧ વર્ષની સેવા યાત્રાના ભાગરૂપે આગામી સમયમાં રાજકોટ અને સૌરાષ્ટ્ર આસપાસના વિસ્તારોમાં નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પના આયોજન થવા જઈ રહ્યા છે, જે પૈકીનો પ્રથમ કેમ્પ રાજકોટ સેન્ટ્રલ જેલ ખાતે અને ત્યારબાદ રાજકોટ મેસોનિક હોલ ખાતે યોજાશે. માનનીય ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તથા નિર્વાણ વેલફેર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે મોતિયાનું ઓપરેશન તથા નેત્રમણી લેન્સ આરોપણ, જરૂરિયાત મુજબ બેતાલાના ચશ્માની ફ્રેમનું વિનામૂલ્યે વિતરણ તેમજ નિષ્ણાત નેત્રરોગ તબીબો દ્વારા આંખોની તપાસ, નિદાન અને યોગ્ય માર્ગદર્શન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ સેવાકીય પહેલનો લાભ લેવા માટે સર્વે જરુરિયાતમંદ નાગરિકોને અપીલ કરવામાં આવી છે. કેમ્પ અંગે વધુ માહિતી અને રજિસ્ટ્રેશન માટે ૮૯૮૦૯ ૦૩૦૩૪ પર સંપર્ક કરી શકાશે.

ડો. કેશુભાઈ મહેતાના પુત્ર ડો. હેમેન્દ્રભાઈ જરૂરિયાતમંદોની નિઃસ્વાર્થ સેવા માટે સમર્પિત રહ્યા હતા અને સમયાંતરે આરોગ્ય શિબિરોનું આયોજન કરીને સેવાભાવની ઉજ્જવળ પરંપરા સ્થાપી હતી. તેમની નમ્રતા, કરુણા અને સેવાપ્રવૃત્તિ તેમના જમાઈ મનોજભાઈ તુરખિયા માટે પણ પ્રેરણારૂપ બની હતી. હવે આ જ સેવાપરંપરાને આગળ ધપાવતા મનોજભાઈ તુરખિયાએ જરૂરિયાતમંદ દર્દીઓ માટે નેત્રમણી આરોપણમાં ઉદાર આર્થિક સહયોગ આપવાનો સંકલ્પ કર્યો છે.

આ નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પના આયોજનમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરિયા, રાજકોટ જિલ્લા ભાજપ અગ્રણી એડવોકેટ નિલેશભાઈ દોશી, સાગરભાઈ તોતલાણી, ડો. અમિતભાઈ હાપાણી અને ડો. ડી. જી. પટેલ સહિતના મહાનુભાવોનું વિશેષ માર્ગદર્શન અને સહયોગ સાંપડયો છે. ડો. અજય મહેતા દ્વારા આ સેવાકીય પહેલ થકી વધુમાં વધુ જરૂરિયાતમંદ નાગરિકો સુધી ગુણવત્તાયુક્ત આંખની સારવાર પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે અને જરુરિયાતમંદ લોકોને આગામી સમયમાં યોજાનાર કેમ્પના લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

કેશુભાઇ મહેતા હોસ્પીટલના મુખ્ય સંચાલક ડો. અજયભાઇ મહેતાએ મિડિયા સાથેની વાતમાં જણાવ્યું હતું કે એક સદીથી વધુ સમય પહેલાં ડો. નરસિંહભાઈ દ્વારા આ સંસ્થાની પાયાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ડો. કેશુભાઈ મહેતાએ આ હોસ્પિટલના મૂળને મજબૂત બનાવ્યા અને આંખની સારવારને સમાજસેવા સાથે જોડવાનો ઉમદા સંકલ્પ આગળ વધાર્યો. આ સેવાયાત્રાને તેમના પુત્ર અને આંખના નિષ્ણાત ડો. ભરતભાઈ અને ડો. હેમેન્દ્રભાઈએ વધુ સમૃદ્ધ બનાવી. આજે આ ગૌરવશાળી પરંપરાને ડો. કેશુભાઈ મહેતાના પૌત્ર ડો. અજય મહેતા અને પૌત્રવધૂ ડો. તેજલ મહેતા નવી દિશા, નવી ટેક્નોલોજી અને આધુનિક તબીબી અભિગમ સાથે આગળ વધારી રહ્યા છે.

કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલ આજે રાજકોટ અને સૌરાષ્ટ્રમાં આંખની નિદાન, સારવાર અને સર્જરી માટે નામના ધરાવે છે. હોસ્પિટલમાં આંખના સામાન્ય અને અત્યાધુનિક નિદાન પરીક્ષણો, આધુનિક સર્જરી સુવિધાઓ, નિષ્ણાત તબીબો અને દર્દીકેન્દ્રિત સારવાર વ્યવસ્થા ઉપલબ્ધ છે. દર વર્ષે લાખો દર્દીઓ અહીં આંખની સારવારનો લાભ મેળવે છે અને હજારો સફળ સર્જરીઓ દ્વારા દર્દીઓના જીવનમાં ફરી પ્રકાશ પાથરવાનો સેવાયજ્ઞ સતત આગળ વધી રહ્યો છે. હોસ્પિટલનું વિશેષ ગૌરવ એ છે કે કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલ સૌરાષ્ટ્રની એકમાત્ર આંખની હોસ્પિટલ છે, જેને નેશનલ એક્રીડિએશન બોર્ડ ફોર હોસ્પિટલ્સ એન્ડ હેલ્થકેર પ્રોવાઈડર દ્વારા પૂર્ણ માન્યતા પ્રાપ્ત છે. આ માન્યતા હોસ્પિટલની ગુણવત્તાયુક્ત સારવાર, સુરક્ષા ધોરણો, વ્યવસ્થાપન અને દર્દીપ્રતિબદ્ધતાનો મજબૂત પુરાવો છે.

ડો. નરસિંહભાઈ ટી. મહેતા અને ડો. કેશુભાઈ એન. મહેતાના મૂલ્યો પરથી પ્રેરણા લઈ હોસ્પિટલ આજે પણ સમાજ પ્રત્યેની જવાબદારી, તબીબી નૈતિકતા અને માનવસેવાના ભાવ સાથે કાર્યરત છે. ૧૨૧ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલનો આ પ્રવાસ રાજકોટ અને સૌરાષ્ટ્ર માટે ગૌરવની વાત છે અને આવનારા સમયમાં પણ હોસ્પિટલ દ્રષ્ટિ સંભાળ ક્ષેત્રે વિશ્વાસ, સેવા અને આધુનિકતાનું પ્રતીક બની રહેશે.

# ૮૭ પેઢીઓ પર ફૂડ વિભાગના દરોડા

### ૫૯ કિલો વાસી ખોરાકનો નાશઃ ૯ પેઢીઓને નોટિસ ફટકારી કુલ રૂ. ૨૦,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો અને ગંભીર ક્ષતિઓ બદલ ૨ જાણીતી પેઢીઓને સીલ



## લાયસન્સ વગર ચાલતી અને પસ્તી વાપરતી ૧૭ પેઢીઓ દંડાઈ

ફૂડ વિભાગની તપાસમાં યોગ્ય લાયસન્સ ન હોવા, અત્યંત ગંદકી રાખવા અને સ્વાસ્થ્ય માટે હાનિકારક પ્રિન્ટેડ પસ્તીનો ઉપયોગ કરવા બદલ અન્ય ૧૭ પેઢીઓ સામે પણ આકરા પગલાં ભરી દંડ વસૂલવામાં આવ્યો હતો. આ પેઢીઓમાં:

- મોરબી રોડ જકાત નાકા પાસે આવેલ લક્ષ્મી ફરસાણ
- હસનવાડી-૪ ના જય સિયારામ ફરસાણ
- સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ રોડ પર આવેલ અંબિકા ફરસાણ
- બિગ બજાર બાજુમાં આવેલ સંતોષ ભેળ
- સત્યસાંઈ રોડ પર સ્થિત શ્રીનાથજી ખમણ અને ઓમ ખમણ
- બાલાજી હોલ પાસે આવેલ ચટકાઝ ફૂડ
- ખીજડાવાળા ૪૦ ફૂટ રોડ પર આવેલ યોગી ફરસાણ અને હરભોલે ફરસાણ
- મવડી ચોકડી પાસે આવેલ પ્રિયા લાઈવ કેળા વેફર્સ અને શ્રીજી ફરસાણ એન્ડ ખમણ
- રાધે હોટેલ વાળા રોડ પર આવેલ શ્રી સદગુરુ ડેરી ફાર્મ અને મહાદેવ ચાઈનીઝ
- બાલાજી હોલ ધોળકિયા સ્કૂલ વાળા રસ્તા પર આવેલ બાલમુકુંદ ડેરી
- સત્યસાંઈ રોડ મારુતિ ચોક ખાતે આવેલ ઓમ સ્નેક્સ
- ગુરુપ્રસાદ ચોકના ભગવતી ફરસાણનો સમાવેશ થાય છે.



રાજકોટ, તા. ૧૭

શહેરમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા ખાદ્યપદાર્થોના વિક્રેતાઓ સામે મહાપાલિકાની આરોગ્ય અને ફૂડ શાખાએ લાલ આંખ કરી છે. તાજેતરમાં હાથ ધરવામાં આવેલી એક સઘન ચેકિંગ ડ્રાઈવ અંતર્ગત આરોગ્ય વિભાગની ટીમોએ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ૮૭ જેટલી નામી-અનામી દુકાનો અને રેસ્ટોરન્ટ્સમાં આકસ્મિક ચકાસણી હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન અતિ બિનઆરોગ્યપ્રદ સ્થિતિ અને ગંભીર બેદરકારી સામે આવતા તંત્ર દ્વારા આકરાં પગલાં લેવામાં આવ્યા છે. સમગ્ર ડ્રાઈવ દરમિયાન કુલ ૫૯ કિલો જેટલા વાસી અને અખાદ્ય ખોરાકનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો, જ્યારે પેકિંગ અને સર્વિંગ માટે જોખમી એવી ૯૬ કિલો પ્રિન્ટેડ પસ્તી જપ્ત કરવામાં આવી હતી. આ ઉપરાંત, નિયમોનું ઉલ્લંઘન કરનારી ૯ પેઢીઓને નોટિસ ફટકારી કુલ રૂ. ૨૦,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો અને ગંભીર ક્ષતિઓ બદલ ૨ જાણીતી પેઢીઓને સીલ મારી દેવામાં આવ્યા છે.આરોગ્ય વિભાગે સત્તાવાર ચેતવણી આપતા જણાવ્યું છે કે, પ્રિન્ટેડ પસ્તીમાં વપરાતી શાહી અને કાગળનો બારીક ભાગ જો ખોરાક સાથે પેટમાં જાય, તો તે અત્યંત ઝેરી સાબિત થઈ શકે છે. તેનાથી પેટની ગંભીર બીમારીઓથી લઈને કેન્સર જેવા જીવલેણ રોગો થવાનું જોખમ રહેલું છે. આ જ ડ્રાઈવ અંતર્ગત ન્યુ નહેરૂનગર ખાતે આવેલી એક દુકાનમાંથી ૧૪ કિલો જેટલા વાસી લાડુનો જથ્થો મળી આવતા તેનો તાકીદે નાશ કરાયો હતો. મનપાની ટીમે રેલનગર મેઈન રોડ પર ગંગેશ્વર ચોક સ્થિત ગોકુલ કોમ્પ્લેક્સમાં આવેલી 'આડરો' રેસ્ટોરન્ટ એન્ડ કેટરીંગમાં તપાસ હાથ ધરી હતી. ત્યાં ફ્રીઝમાં અત્યંત બિનઆરોગ્યપ્રદ રીતે સંગ્રહિત કરેલો બટેટાનો મસાલો, ગ્રેવી, બાફેલા શાકભાજી તેમજ એક્સપાયરી ડેટ વાળા વાસી બ્રેડ, પીઝા અને પાઉં મળી આવ્યા હતા. તંત્રએ આ આશરે ૧૯ કિલો અખાદ્ય માલનો નાશ કરી, રૂ. ૩,૦૦૦નો દંડ વસૂલવાની સાથે આ રેસ્ટોરન્ટને સીલ કરી દીધી હતી. તેવી જ રીતે, મવડી વિસ્તારમાં કર્ણાવતી રોડ પર અમૃત સોસાયટી-૨ પાસે સિલ્વર સ્ક્વેર બિલ્ડિંગમાં આવેલી જલારામ ક્રીમ લચ્છી એન્ડ વડાપાઉં નામની પેઢીમાંથી પણ અખાદ્ય સીરપ, ઘુઘરા, ચટણી અને પ્રતિબંધિત પસ્તી સહિતનો ૨૨ કિલો વાસી માલ ઝડપાયો હતો. આ બદલ પેઢીને રૂ. ૩,૦૦૦નો દંડ ફટકારી, નોટિસ આપીને દુકાનને સીલ મારવામાં આવ્યું હતું.તંત્રની ટીમોએ શહેરના મુખ્ય ધમધમતા માર્ગો જેવા કે બોલબાલા માર્ગ, મોરબી રોડ બાયપાસ, મવડી બાપાસીતારામ ચોક, સત્યસાંઈ રોડ, કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ચોક, ગોંડલ રોડ, દોશી હોસ્પિટલ રોડ, ગુરુપ્રસાદ ચોક, કૃષ્ણનગર મેઈન રોડ, મવડી મેઈન રોડ, વિશ્વેશ્વર મેઈન રોડ અને બાલાજી હોલ રોડ પર આવેલી ખાણીપીણીની લારીઓ, કેબિનો અને દુકાનોમાં વ્યાપક ચકાસણી હાથ ધરી હતી. આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ વધુ વેગવંતી બનાવવામાં આવશે તેવી ચીમકી આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવી છે.

# લોકમેળોમાં AI, ડ્રોનથી રખાશે બાજ નજર

### ભાડામાં તોતીંગ વધારો થતા વેપારીઓમાં રોષ : ટેકનોલોજી અને સુરક્ષાનો ત્રિવેણી સંગમઃ પ્રથમ વખત અઈ થી મોનિટરિંગ

રાજકોટ, તા. ૧૭

રાજકોટ કલેક્ટર તંત્ર અને લોકમેળા સમિતિ દ્વારા રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે આયોજિત થનારા જન્માષ્ટમીના પાંચ દિવસીય ભાતીગળ લોકમેળાની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ વર્ષે મેળાના આયોજનમાં સુરક્ષા અને ટેકનોલોજી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જેમાં ઈતિહાસમાં પ્રથમ વખત સમગ્ર મેળાનું મોનિટરિંગ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (અઈ) અને ડ્રોન ટેકનોલોજીની મદદથી કરવામાં આવશે. સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે મેળામાં ૧૫૦ જેટલા ખાનગી સિક્યુરિટી ગાર્ડ તૈનાત કરાશે, દરેક ખૂણા પર બાજ નજર રાખવા હાઈ-ડેફિનેશન સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે, અને આ તમામ ગતિવિધિઓ પર નજર રાખવા એક સેન્ટ્રલ મોનિટરિંગ કંટ્રોલ રૂમ પણ ઊભો કરાશે. આ ઉપરાંત, સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે ૧૪ મુખ્ય ટાવર, ૩૬ સાઉન્ડ ટાવર અને ૩ ખાસ વિશ્રામ ગૃહો તૈયાર કરવામાં આવશે, જેમાં કલેક્ટર તંત્રના ૧૦૦થી વધુ રેવન્યુ કર્મચારીઓને વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી છે. લોકમેળાનું ઉદઘાટન દર વર્ષની જેમ આ વર્ષે પણ બપોરના સમયે કરવામાં આવશે, જેના માટે રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને આમંત્રણ પાઠવવાની તૈયારીઓ પણ પૂર્ણ કરી લેવાઈ છે. બીજી તરફ, લોકમેળાના પ્લોટ અને સ્ટોલ માટે આગામી સોમવારથી ફોર્મ વિતરણ શરૂ થવાનું છે, પરંતુ આ વખતે પ્રાંત-૧ કચેરીની બાદબાકી કરીને માત્ર તોરલ બિલ્ડિંગ પાસે આવેલી ઈન્ડિયન બેંક (કોર્ટ રોડ) ખાતેથી જ ફોર્મ વિતરણ અને સ્વીકારવાનું નક્કી કરાયું છે. આ કામગીરી માટે કલેક્ટર તંત્ર દ્વારા નાયબ મામલતદાર, તલાટી અને કારકુનની ત્રણ ટીમો તૈનાત કરવાના ઓર્ડર પણ જારી કરી દેવાયા છે. વેપારીઓએ આગામી ૨૮ જુલાઈ સુધીમાં ફોર્મ ભરીને ઈન્ડિયન બેંક ખાતે જ જમા કરાવવાના રહેશે. જો કે, આ લોકમેળાના કુલ ૨૨૮ સ્ટોલ અને પ્લોટના ભાડામાં તંત્ર દ્વારા ₹૨,૦૦૦ થી લઈને ₹૧૨,૦૦૦ સુધીનો તોતીંગ વધારો ઝીંકી દેવામાં આવતા વેપારી આલમમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાણીપીણીની કેટેગરીના સ્ટોલના ભાડામાં ૨,૦૦૦ થી ₹૫,૦૦૦ સુધીનો અને રાઈડ્સના પ્લોટ તેમજ મોટા સ્ટોલની કિંમતમાં ૫,૦૦૦ થી ૮,૦૦૦ સુધીનો વધારો કરાતાં રમકડાં, ખાણીપીણીના વેપારીઓ અને રાઈડ્સ સંચાલકોમાં ભારે કચવાટ વ્યાપી ગયો છે. આ અસહ્ય ભાડા વધારાના વિરોધમાં વેપારીઓએ એકત્રિત થઈને આગામી અઠવાડિયે રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે એક મહત્વની બેઠક યોજવાનું આયોજન પણ હાથ ધર્યું છે.

# RTEની બાળાઓ પાસે ગેરકાયદેસર ફીની માંગણી

### ન ચૂકવતા ક્લાસ બહાર ઊભી રાખી માનસિક ત્રાસ આપ્યાનો આક્ષેપ

રાજકોટ, તા. ૧૭

રાજકોટના પેડક રોડ પર આવેલી ન્યૂ ફ્લોરા ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ સામે શિક્ષણના અધિકાર (છ્ઝઊ-૨૦૦૯) હેઠળ અભ્યાસ કરતી ધોરણ-૪ની બે માસૂમ વિદ્યાર્થીનીઓ સાથે ગંભીર ભેદભાવ રાખવા, ગેરકાયદેસર રીતે ફી માંગવા અને માનસિક હેરાનગતિ કરવા અંગેનો વિવાદ સામે આવ્યો છે. આ ચકચારી મામલે કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂત દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારી (ઉઊઘ)ને લેખિત રજૂઆત કરીને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. જિલ્લા શિક્ષણ અધિકારીએ આ મામલે તટસ્થ તપાસ કરીને પીડિત વિદ્યાર્થીનીઓને ન્યાય અપાવવાની ખાતરી આપી છે.

જિલ્લા શિક્ષણ અધિકારીને સોંપવામાં આવેલી લેખિત ફરિયાદ અનુસાર, છ્ઝઊ અધિનિયમ હેઠળ મફત પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓની ફી નિયમાનુસાર સરકાર દ્વારા સીધી શાળાને ચૂકવવામાં આવે છે. આમ છતાં, ન્યૂ ફ્લોરા સ્કૂલના સંચાલકો દ્વારા એક વિદ્યાર્થીનીના વાલી પાસેથી રૂપિયા ૪,૦૦૦ રોકડાની માંગણી કરવામાં આવી હતી. જ્યારે વાલીએ આ રકમ સામે સત્તાવાર રસીદ (પહોંચ) આપવાનો આગ્રહ રાખ્યો, ત્યારે શાળા વહીવટી તંત્ર દ્વારા પહોંચ આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેવાયો હતો અને માત્ર રોકડી રકમ જ ચૂકવવા માટે વાલી પર સતત દબાણ કરવામાં આવ્યું હતું.આ રજૂઆતમાં શાળા વહીવટી તંત્ર સામે અત્યંત ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. ગેરકાયદેસર રીતે માંગવામાં આવેલી આ ફી ન ભરાવાને કારણે માસૂમ વિદ્યાર્થીનીને દર અઠવાડિયે લેવાતી શૈક્ષણિક ટેસ્ટમાં બેસવા દેવામાં આવતી નથી. એટલું જ નહીં, બાળકીને અન્ય સહપાઠીઓ વચ્ચે ક્લાસની બહાર ઊભી રાખી દેવામાં આવે છે. 'પહેલા ફી ભરો, પછી જ ક્લાસમાં બેસવા મળશે' તેમ કહીને બાળકી પર સતત



માનસિક દબાણ લાવવામાં આવી રહ્યું છે. વધુમાં, શાળા દ્વારા યોજાતી વાલી મિટિંગ (પેરેન્ટ્સ મીટિંગ) અંગે પણ આ બાળકીના વાલીઓને કોઈ જાણ કરવામાં આવતી નથી. આ જ શાળામાં છ્ઝઊ હેઠળ અભ્યાસ કરતી અન્ય એક વિદ્યાર્થીની પણ આ પ્રકારની માનસિક હેરાનગતિ અને ભેદભાવનો ભોગ બની રહી હોવાનો પર્દાફાશ રજૂઆતમાં કરાયો છે. છ્ઝઊ અધિનિયમ-૨૦૦૯ની જોગવાઈઓ અનુસાર, દેશના દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો કાનૂની અધિકાર છે. સરકાર જ્યારે આ બાળકોની ફી ચૂકવતી હોય ત્યારે વાલીઓ પાસેથી ગેરકાયદેસર રીતે રોકડા નાણાં માંગવા, તેની રસીદ આપવાનો ઈનકાર કરવો અને ફીના બહાને માસૂમ બાળકોને પરીક્ષા તેમજ અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓથી વંચિત રાખવા એ શિક્ષણના કાયદાનું તેમજ બાળ અધિકારોનું ઘોર ઉલ્લંઘન છે. આવી ક્રૂર અને ભેદભાવયુક્ત માનસિક હેરાનગતિ બાળકના આત્મવિશ્વાસ અને તેના સર્વાંગી શૈક્ષણિક વિકાસ પર અત્યંત નકારાત્મક અને ગંભીર અસરો છોડે છે.કોંગ્રેસ નેતા રોહિતસિંહ રાજપૂતે આ સમગ્ર સંવેદનશીલ મામલાની કોઈ મહિલા વરિષ્ઠ અધિકારીની અધ્યક્ષતામાં તટસ્થ તપાસ કરાવવાની માંગ કરી છે. આ સાથે જ ભોગ બનેલી બંને માસૂમ બાળાઓનું યોગ્ય કાઉન્સેલિંગ કરાવવા, શાળાના સીસીટીવી (ઈઈઝટ) ફૂટેજ, સાપ્તાહિક ટેસ્ટના રેકોર્ડ્સ અને ફી સંબંધિત તમામ દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કરવા રજૂઆત કરાઈ છે. આ ગેરરીતિ અને કનડગત બદલ જવાબદાર ટ્રસ્ટીઓ, શાળા સંચાલકો અને સંડોવાયેલા કર્મચારીઓ સામે કડક ફોજદારી અને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. જો શાળા તંત્ર પોતાનું હઠાગ્રહી વલણ નહીં બદલે અને જવાબદારો સામે વહેલી તકે કડક પગલાં ભરવામાં નહીં આવે, તો કોંગ્રેસ દ્વારા શાળા સામે ઉગ્ર 'હલ્લાબોલ' કાર્યક્રમ આપીને આંદોલન છેડવામાં આવશે તેવી ગંભીર ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# પોપટપરા નાલું ચોમાસામાં પણ બંધ

### રેલવે સાથે ૫.૫૦ કરોડના ચાર્જ બાબતે ગૂંચવાયો પ્રશ્ન : સંતોષીનગર મારફતે પાણી નિકાલની ઉભી કરાશે વ્યવસ્થા

રાજકોટ, તા. ૧૭

રાજકોટ શહેરમાં દર વર્ષે ચોમાસા દરમિયાન વરસાદી પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાય છે. ચાલુ વર્ષે ભારે વરસાદ દરમિયાન લોકોને ઓછામાં ઓછી હાલાકી ભોગવવી પડે તે માટે શાસકોએ વહીવટી તંત્રને એલર્ટ મોડ પર રહેવા સૂચનાઓ આપી છે. જોકે, તંત્રના સત્તાવાર રેકોર્ડ પર જ ૮૭ જેટલા એવા પોઈન્ટ્સ નોંધાયેલા છે જે ભારે વરસાદમાં સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ જાય છે. આ તમામ સંવેદનશીલ સ્થળો પૈકી દાયકાઓ જૂની અને સૌથી જટિલ સમસ્યા વોર્ડ નંબર ૩ માં આવેલા પોપટપરા નાલાની છે, જેને ઉકેલવા માટે મહાનગરપાલિકા દ્વારા એક મહત્વપૂર્ણ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

મનપાના પ્લાન મુજબ, પોપટપરા નાલામાં ભરાતા વરસાદી પાણીને પાઈપલાઈન મારફતે ડાયવર્ટ કરવાની ગણતરી છે. આ પાઈપલાઈન નાલાની બાજુમાં આવેલી રેલવેની માલિકીની જગ્યામાંથી પસાર કરવાની થાય છે, જેથી પાણીનો પ્રવાહ સીધો અંદરથી સંતોષીનગર તરફ વહી જાય. આ કામગીરી માટે આશરે ૧૦૦ મીટરના વિસ્તારમાં વાલ્વ ચેમ્બર સહિતનું કામ કરવાનું રહેશે, જેનો અંદાજિત ખર્ચ ₹૮ કરોડ થવાની ધારણા છે.

નાલાની બરાબર ઉપરથી રેલવે લાઇન પસાર થતી હોવાથી સેફ્ટીના કારણોસર રેલવેની મંજૂરી મેળવવી અનિવાર્ય છે. મનપાએ મંજૂરી માટે પત્ર લખતાં પશ્ચિમ રેલવે તંત્ર દ્વારા સલામતીની વિવિધ શરતો સાથે ₹૫.૫૦ કરોડના ચાર્જની માંગણી કરવામાં આવી છે. આ રકમ મનપાને ઘણી વધુ લાગતી હોવાથી ચાર્જ ઘટાડવા માટે કેન્દ્રીય અને વડી કચેરીઓ વચ્ચે ફરીથી પત્રવ્યવહારનો દોર શરૂ થયો છે. નિયમ મુજબ આ કામ કાં તો મનપાની એજન્સી કરશે અથવા રેલવે પોતાના કોન્ટ્રાક્ટર પાસે કરાવશે, પરંતુ હાલ આ સમગ્ર પ્રક્રિયા વહીવટી મંજૂરીઓ અને પત્રોના આદાન-પ્રદાનમાં અટવાયેલી છે. જો આ વર્ષે વહીવટી મંજૂરીઓ અને કામગીરી પૂર્ણ થઈ જશે, તો આગામી ચોમાસા સુધીમાં આ કાયમી સમસ્યાનો અંત આવી જશે. આ ડાયવર્ટ કરાયેલું વરસાદી પાણી સીધું આજી-૨ ડેમ સુધી પહોંચશે, જેનાથી રોજ પસાર થતા હજારો વાહનચાલકોને કાયમી મુક્તિ મળશે.



વાસ્તવમાં, જૂના રાજકોટના સમયનું આ નાલું શહેરનું સૌથી જૂનું નાલું છે. મૂળભૂત રીતે આ જગ્યા રેલવે સ્ટેશન રોડથી પોપટપરા જતા વોટર-વે (પાણીના નિકાલના કુદરતી માર્ગ) પર આવેલી છે, જેની ઉપરથી ટ્રેનના પાટા પસાર થાય છે. પરંતુ ભૂતકાળમાં આસપાસના વિસ્તારોને કનેક્ટ કરવા માટે આ કુદરતી વોટર-વેમાંથી જ વાહનવ્યવહાર શરૂ કરી દેવામાં આવ્યો હતો.

આજે આ નાલું માત્ર એક રસ્તો જ નથી રહ્યો, પરંતુ પોપટપરા, રેલનગર, સાધુ વાસવાણી કુંજ રોડ અને છેક માધાપર ચોકડી સુધીના વિસ્તારોને જોડતી મુખ્ય કડી બની ગયું છે. કુદરતી પ્રવાહની વચ્ચે જ વાહનો દોડતા હોવાથી અને પાણીના નિકાલની અન્ય કોઈ વૈકલ્પિક જગ્યા ન હોવાને કારણે, ચોમાસામાં માત્ર એકાદ ઈંચ વરસાદ પડે તો પણ આ નાલું ઓવરફ્લો થઈ જાય છે. ગત વર્ષે પણ અહીં ભારે પૂર જેવા દ્રશ્યો સર્જાયા હતા અને મુસાફરો ભરેલી બસ સહિત અનેક વાહનો ફસાયાની ઘટનાઓ બની હતી, જેના કારણે મનપાના ચોપડે આ પોઈન્ટ 'રેડ ઝોન' તરીકે અંકિત થયેલો છે.વોર્ડ નં. ૩ ના કોર્પોરેટર અને પૂર્વ ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા દ્વારા આ ગંભીર પ્રશ્નના કાયમી ઉકેલ માટે લાંબા સમયથી મનપા અને રેલવે તંત્ર સાથે સતત સંકલન કરવામાં આવી રહ્યું છે, જેના ભાગરૂપે જ આ પાઈપલાઈનનો સર્વે રિપોર્ટ તૈયાર કરાયો છે.

જોકે, વહીવટી મંજૂરીની લાંબી પ્રક્રિયા, એજન્સી નક્કી કરવાની બાકી કામગીરી અને ચોમાસાની શરૂઆતને જોતાં ચાલુ વર્ષે આ પ્રોજેક્ટ જમીન પર શરૂ થાય તેવી કોઈ શક્યતા નથી. આથી એ બાબત બિલકુલ નક્કી છે કે ચાલુ વર્ષના ચોમાસામાં પણ સામાન્ય કે ભારે વરસાદ દરમિયાન પોપટપરા નાલું પાણી ભરાવવાને કારણે વાહનવ્યવહાર માટે બંધ જ રહેશે અને નાગરિકોએ આ વર્ષે પણ હાલાકી ભોગવવી પડશે. તંત્રના દાવા મુજબ, વાહનચાલકો માટે પૂરની પરિસ્થિતિનો સામનો કરવાનું આ છેલ્લું વર્ષ સાબિત થઈ શકે છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# વિવાદી ઈંધણ

## ઈ-૨૦ બાબતે સરકાર સંશોધન અને તથ્યો સાથે જનતાનો વિશ્વાસ જીતે




દેશભરમાં હાલ ૨૦ ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ એટલે કે ઇ-૨૦ ઈંધણ અંગે ભારે ચર્ચા અને વિવાદ ચાલી રહ્યો છે. પર્યાવરણ સુરક્ષા અને વિદેશી હૂંડિયામણ બચાવવાના ઉદ્દેશ્યથી સરકારનો આ પ્રયોગ સારો છે. પરંતુ તકનીકી સ્તરે વાહન ચાલકોમાં ભારે અસમંજસ છે. મીડિયામાં ચાલતી ચર્ચાઓ વચ્ચે હવે સમય આવી ગયો છે કે સરકાર પોતે સઘન રિસર્ચ કરે અને નક્કર તથ્યો જનતા સમક્ષ મૂકે.

સૌથી મોટી ચિંતા વાહનોના એન્જિનની ટકાઉક્ષમતા અંગે છે. ગ્રાહકોને ડર છે કે ઈથેનોલ મિશ્રિત ઈંધણના કારણે જૂના વાહનોના એન્જિન જલ્દી ખરાબ થઈ જશે. રબરના પાર્ટ્સ અને પાઈપલાઈનમાં કાટ લાગવાની સમસ્યાઓ અંગે સોશિયલ મીડિયા પર અનેક અહેવાલો છે. સરકારે અગ્રણી ઓટોમોબાઈલ સંસ્થાઓ સાથે મળીને સત્તાવાર સંશોધન કરવું જોઈએ. કયા એન્જિન માટે આ ઈંધણ કેટલું સુરક્ષિત છે, તેની સ્પષ્ટ વૈજ્ઞાનિક ગાઈડલાઈન જાહેર થવી જરૂરી છે.

બીજો મહત્વનો પ્રશ્ન વાહનની માઈલેજ અને આર્થિક ભારણનો છે. નિષ્ણાતોના મતે ઈથેનોલની ઉર્જા ક્ષમતા ઓછી હોવાથી વાહનની એવરેજ ઘટે છે. જો માઈલેજ ઓછી મળવાની હોય, તો ગ્રાહકોને પેટ્રોલના ભાવમાં રાહત મળવી જોઈએ. સરકારે લેબોરેટરી ટેસ્ટના સત્તાવાર આંકડા જાહેર કરીને જનતાને વાસ્તવિક સ્થિતિ જણાવવી પડશે. પારદર્શિતા વગર ગ્રાહકોનો ભય દૂર કરવો અશક્ય છે.

અર્ધસત્ય અને અફવાઓ બજારમાં ગભરાટ પેદા કરે છે. સરકારે માત્ર નીતિઓ થોપવાના બદલે, તેના સચોટ વૈજ્ઞાનિક પરિણામો અને રિસર્ચ ડેટા સાર્વજનિક કરવા જોઈએ. ગ્રીન એનર્જી તરફનું પ્રયાણ દેશ માટે હિતવાહક છે, પરંતુ તે સામાન્ય નાગરિકના ભોગે ન હોવું જોઈએ. સરકારે દરેક પેટ્રોલ પંપ પર જાગૃતિ બોર્ડ લગાવવા જોઈએ અને એન્જિન સુરક્ષા અંગેની ગેરંટી આપવી જોઈએ. ઓટો સેક્ટર અને સરકાર વચ્ચેનો સંયુક્ત રિસર્ચ રિપોર્ટ જ આ વિવાદનો કાયમી અંત લાવી શકે છે. કોઈપણ નવી ટેકનોલોજીની સફળતા જનતાના ભરોસા પર ટકેલી હોય છે. જો સરકાર સત્તાવાર સંશોધનો અને સાચા તથ્યો સાથે દેશ સામે આવશે, તો લોકો આ બદલાવને ખુશીથી સ્વીકારશે. માત્ર સચોટ માહિતી જ આ વિવાદી ઈંધણ અંગે ફેલાયેલી આશંકાઓને દૂર કરી શકશે અને વ્યવસ્થામાં લોકોનો વિશ્વાસ મજબૂત કરશે.

# NDA સંસદીય પક્ષનું નામ બદલાયું

## હવે બેઠકો મંગલ મિલન તરીકે ઓળખાશે



નવીદિલ્હી, તા. ૧૭

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના નેતૃત્વ હેઠળની શાસક ગઉઅ ગઠબંધન તેની નવીન અને અનોખી પહેલ માટે જાણીતું છે. ગઉઅ ના સંસદીય બેઠક જૂથનું નામ બદલીને મંગલ મિલન રાખવામાં આવ્યું છે. અગાઉ, ઙખ નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ગઉઅ સરકારના કાર્યકાળ દરમિયાન, પ્રધાનમંત્રી નિવાસસ્થાન અને રાજપથ જેવા અનેક મહત્વપૂર્ણ સ્થળોના નામ બદલી દેવામાં આવ્યા છે. આ બેઠક સામાન્ય રીતે સંસદ સત્ર દરમિયાન મંગળવારે યોજાય છે. નવા નામ મંગલ મિલન હેઠળ પ્રથમ બેઠક ૨૧ જુલાઈના રોજ યોજાવાની છે. ગઉઅ ની આ સંસદીય બેઠક મંગળવારે (૨૧ જુલાઈ) સવારે ૯:૩૦ વાગ્યે સંસદ ભવનમાં યોજાશે. આ બેઠક દરમિયાન, પ્રધાનમંત્રી મોદી ગઉઅ સાંસદોને પણ સંબોધિત કરશે. અગાઉ, મોદીના નેતૃત્વ હેઠળની ગઉઅ સરકારના પ્રથમ કાર્યકાળ દરમિયાન, પ્રધાનમંત્રીના સત્તાવાર નિવાસસ્થાન, રેસકોર્ષ રોડનું નામ બદલીને લોક કલ્યાણ માર્ગ રાખવામાં આવ્યું હતું. સપ્ટેમ્બર ૨૦૧૬ માં, રેસકોર્ષ રોડનું નામ બદલીને લોક કલ્યાણ માર્ગ રાખવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીનું સત્તાવાર નિવાસસ્થાન લગભગ ૧૨ એકરમાં ફેલાયેલું છે.

તેવી જ રીતે, મોદી સરકારના બીજા કાર્યકાળ દરમિયાન ઐતિહાસિક રાજપથનું નામ બદલીને કરવામાં આવ્યું હતું. બ્રિટિશ રાજ દરમિયાન બાંધવામાં આવેલા આ રસ્તાને રાજા જ્યોર્જ પંચમના માનમાં નસ્ત્રકિંગ્સવેસ્ત્રસ્ત્ર કહેવામાં આવતું હતું. સ્વતંત્રતા પછી, તે નસ્ત્રરાજપથસ્ત્રસ્ત્ર તરીકે જાણીતો બન્યો. જોકે, મોદી સરકારે સપ્ટેમ્બર ૨૦૨૨ માં રાજપથનું નામ બદલીને નસ્ત્રકર્તવ્ય પથસ્ત્રસ્ત્ર રાખ્યું. મોદી સરકારના ત્રીજા કાર્યકાળ દરમિયાન કેન્દ્રીય સચિવાલયનું નામ બદલીને નસ્ત્રકર્તવ્ય ભવનનસ્ત્ર રાખવામાં આવ્યું. આ વર્ષના ફેબ્રુઆરીમાં, કેન્દ્ર સરકારે કેન્દ્રીય સચિવાલયનું નામ બદલીને નસ્ત્રકર્તવ્ય ભવનનસ્ત્ર રાખ્યું, જ્યારે નજીકના સાઉથ બ્લોક (જેમાં પીએમઓ ઓફિસ પણ છે)નું નામ બદલીને નસ્ત્રસેવા તીર્થસ્ત્રસ્ત્ર રાખવામાં આવ્યું. કર્તવ્ય ભવન અનેક મહત્વપૂર્ણ સરકારી વિભાગોની કચેરીઓ ધરાવે છે. અગાઉ, આ કચેરીઓ શાસ્ત્રી ભવન અને નિર્માણ ભવનમાં સ્થિત હતી. જો કે, આધુનિક સેન્ટ્રલ વિસ્ટા પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ, કર્તવ્ય ભવન હવે આ બધા વિભાગો માટે એક સામાન્ય સરનામું તરીકે સેવા આપે છે. આ બેઠક સામાન્ય રીતે સંસદ સત્રો દરમિયાન મંગળવારે થાય છે. તેના નવા નામ, નસ્ત્રમંગલ મિલનનસ્ત્ર હેઠળ પ્રથમ બેઠક ૨૧ જુલાઈના રોજ યોજાવાની છે. ગઉઅ સંસદીય પક્ષ મંગળવારે સંસદમાં મળશે.

# રાજસ્થાન સરકારને આસારામના સ્વાસ્થ્ય રિપોર્ટની તપાસ કરવા આદેશ

## સુપ્રીમ કોર્ટે ૨૧ જુલાઈ સુધીમાં માંગ્યો જવાબ

નવીદિલ્હી, તા. ૧૭

સુપ્રીમ કોર્ટે સગીર છોકરી પર બળાત્કાર કરવાના આરોપમાં જોધપુરમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામ બાપુની વચગાળાની જામીન અરજી પર સુનાવણી કરી. તેમના ખરાબ સ્વાસ્થ્યને ટાંકીને, આસારામ બાપુએ કામચલાઉ વચગાળાની જામીનની વિનંતી કરી. સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે રાજસ્થાન સરકારને આસારામના મેડિકલ રિપોર્ટની તપાસ કરવાનો અને નક્કી કરવાનો નિર્દેશ આપ્યો કે શું તેમની તબિયત ખરેખર એટલી ગંભીર છે કે સારવાર માટે કામચલાઉ વચગાળાની જામીન આપી શકાય.



જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને પી.બી. વરાલેની બેન્ચ સમક્ષ સુનાવણી દરમિયાન, રાજસ્થાન સરકારે આસારામના મેડિકલ જામીનનો વિરોધ કર્યો. સરકારનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આસારામના સ્વાસ્થ્ય વિશે મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડી. સોલિસિટર જનરલે કોર્ટને માહિતી આપી કે આસારામ લગભગ ત્રણ મહિના પહેલા અયોધ્યા અને કાશી વિશ્વનાથની મુલાકાતે આવ્યા હતા. તેમણે એમ પણ કહ્યું કે આસારામ અયોધ્યા અને કાશીની યાત્રા દરમિયાન પગપાળા ચાલ્યા હતા, અને તેથી, તેઓ હાલમાં સ્વસ્થ છે. આમ છતાં, સરકાર સંબંધિત અધિકારીઓ પાસેથી નવીનતમ સ્વાસ્થ્ય રિપોર્ટ અને અન્ય જરૂરી માહિતી મેળવશે અને કોર્ટમાં રજૂ કરશે. સોલિસિટર જનરલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર આ સંદર્ભમાં વિગતવાર સૂચનાઓ પ્રાપ્ત થયા પછી જવાબ દાખલ કરશે.

સુપ્રીમ કોર્ટે રાજસ્થાન સરકારને આસારામના સ્વાસ્થ્ય અહેવાલની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે જણાવ્યું હતું કે તે રાજ્ય સરકારના અહેવાલના આધારે જામીન આપવાનો નિર્ણય લેશે. કોર્ટે રાજસ્થાન સરકારને કહ્યું, નસ્ત્રકૃપા કરીને યોગ્ય સૂચનાઓ લો. અમે કોઈ અનિચ્છનીય ઘટના બનવા માંગતા નથી. જો આવી શક્યતા ઊભી થાય, તો અમે ફક્ત તે હેતુ માટે મર્યાદિત સમયગાળા માટે જામીન આપીશું.સ્ત્રસ્ત્ર સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે તબીબી અહેવાલ આસારામની ગંભીર સ્થિતિની પુષ્ટિ કરે છે, અને કોર્ટ ઇચ્છતી નથી કે તેમની સાથે કંઈપણ અનિચ્છનીય બને. કોર્ટે જણાવ્યું હતું કે જો જરૂરી હોય તો, સારવારના હેતુ માટે મર્યાદિત સમયગાળા માટે વચગાળાના જામીન પર વિચાર કરી શકાય છે. કોર્ટે આસારામની વચગાળાની જામીન અરજી પર રાજસ્થાન સરકાર પાસેથી આરોગ્ય અહેવાલ માંગ્યો છે. કોર્ટે સરકારને ૨૧ જુલાઈ સુધીમાં પોતાનો જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. સરકારનો અહેવાલ પ્રાપ્ત થયા પછી જ સુપ્રીમ કોર્ટ વચગાળાના જામીન વિનંતી પર નિર્ણય લેશે.

સગીર બાળકી પર બળાત્કારના આરોપમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામ બાપુની વચગાળાની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટે રાજસ્થાન સરકાર પાસેથી ૨૧ જુલાઈ સુધીમાં નવો મેડિકલ રિપોર્ટ માંગ્યો છે. કોર્ટે જણાવ્યું હતું કે જો તેમની તબિયત ગંભીર જણાશે તો ફક્ત તબીબી હેતુઓ માટે મર્યાદિત સમયગાળા માટે વચગાળાના જામીન પર વિચાર કરવામાં આવશે.

# SIRમાંથી નામ કાઢી નાખ્યા પછી પણ...

નવીદિલ્હી, તા. ૧૭

દેશભરમાં ચાલી રહેલી ખાસ સઘન સુધારણા પ્રક્રિયા હેઠળ, અત્યાર સુધીમાં ૬ કરોડ લોકોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. પરંતુ હવે ખરો પ્રશ્ન કાનૂની અધિકારોનો છે. જો કોઈનું નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવે છે, તો શું તેઓ હજુ પણ સામાન્ય નાગરિકની જેમ તેમના બધા અધિકારોનો ઉપયોગ કરી શકશે?

સુપ્રીમ કોર્ટે બિહાર જીંઈછ કેસથી લઈને પશ્ચિમ બંગાળ કેસ સુધી વારંવાર આ પ્રશ્નનો પુનરાવર્તન કર્યું છે. કોર્ટે જણાવ્યું હતું કે મતદાર યાદીમાંથી કાઢી નાખવાનો અર્થ ફક્ત એટલો જ છે કે વ્યક્તિ મતદાન કરી શકતી નથી. આનાથી તેમની નાગરિકતા કે અન્ય અધિકારો આપમેળે રદ થતા નથી.

સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ બાગચીએ કોર્ટના વલણને સ્પષ્ટ કર્યું. તેમણે કહ્યું, નસ્ત્રઅમારો નિર્ણય સ્પષ્ટ છે. ઊઈંઈં બંધારણની કલમ ૯, ૧૦, ૧૧ અને ૧૨ હેઠળ નાગરિકતા નક્કી કરતી સંસ્થા નથી. ઊઈંઈં ની સત્તા મતદાર યાદી સુધી મર્યાદિત છે. તે નામ ઉમેરી અથવા દૂર કરી શકે છે, પરંતુ આ નાગરિકતા રદ કરતું નથી.સ્ત્રસ્ત્ર આમ, કોર્ટ દલીલ કરે છે કે મતદાર યાદીમાંથી કાઢી નાખવું અને નાગરિકતા ગુમાવવી એ બે સંપૂર્ણપણે અલગ બાબતો છે. ફક્ત જીંઈછ માંથી નામ કાઢી નાખવાથી વ્યક્તિ નસ્ત્રબિન-નાગરિકસ્ત્રસ્ત્ર બની જતી નથી. તેથી, જીંઈછ માંથી નામ કાઢી નાખવામાં આવે તો પણ તમારા મોટાભાગના અધિકારો અપ્રભાવિત રહેશે.

**જમીનથી લઈને પાસપોર્ટ સુધીના આ અધિકારો સુરક્ષિત રહેશે. આખી વાત ૫ મુદ્દાઓમાં સમજો**

જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર (કલમ ૨૧), ચળવળની સ્વતંત્રતા અને પોતાના વિચારો વ્યક્ત કરવાનો અધિકાર (કલમ ૧૯) જેવા મૂળભૂત અધિકારો મતદાર યાદીમાં નામ હોવા પર આધાર રાખતા નથી. આ અધિકારો દરેક નાગરિકને ઉપલબ્ધ છે, પછી ભલે તે મતદાર યાદીમાં હોય કે ન હોય. ન્યાયાધીશ બાગચીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ઊઈંઈં નાગરિકતા નક્કી કરતી સંસ્થા નથી. તેથી, ફક્ત મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવાથી આ અધિકારોને અસર થતી નથી. આ એકમાત્ર અધિકાર છે જે કાઢી નાખવાથી સીધી અસર પામે છે. જ્યાં સુધી અપીલ પર નિર્ણય ન આવે ત્યાં સુધી, વ્યક્તિ તે મતવિસ્તારમાં મતદાન કરી શકતી નથી. કોર્ટે એ પણ સ્વીકાર્યું કે ચૂંટણી પંચને બંધારણની કલમ ૩૨૪ હેઠળ મતદાર યાદી તૈયાર કરવાનો અને અપડેટ કરવાનો અધિકાર છે. તેથી, જીંઈછ ફક્ત મતદાનના અધિકારને સીધી અસર કરે છે.

જમીન કે મિલકત ખરીદવા કે વેચવાનો અધિકાર નાગરિકતા સાથે જોડાયેલો છે, મતદાર યાદી સાથે નહીં. મતદાર ઓળખપત્રને પણ નાગરિકતાનો પુરાવો માનવામાં આવતો નથી.

તેથી, મતદાર યાદીમાં નામ હોય કે ન હોય તે જમીન કે મિલકત ખરીદવાના અધિકારને અસર કરતું નથી. જ્યાં સુધી ગૃહ મંત્રાલય નાગરિકતા કાયદા હેઠળ કોઈને સત્તાવાર રીતે બિન-નાગરિક જાહેર ન કરે ત્યાં સુધી, આ અધિકારો યથાવત રહે છે. કોર્ટના મતે, આ જવાબદારી ગૃહ મંત્રાલયની છે, ઊઈંઈંની નહીં. આનો અર્થ એ છે કે જો તમારું નામ જીંઈછ માંથી કાઢી નાખવામાં આવે તો પણ તમે જમીન અને મિલકત ખરીદી શકો છો.

જીંઈછ ને પગલે, ઘણા કિસ્સાઓ સામે આવ્યા જેમાં લોકોએ આરોપ લગાવ્યો હતો કે તેમના પાસપોર્ટ રિન્યુ કરવામાં આવ્યા નથી. જો કે, પાસપોર્ટ વિદેશ મંત્રાલય દ્વારા અન્ય દસ્તાવેજોના આધારે જારી કરવામાં આવે છે, મતદાર યાદીના આધારે નહીં. તેથી, ફક્ત મતદાર યાદીમાંથી કાઢી નાખવાથી વ્યક્તિના પાસપોર્ટ અથવા વિદેશ પ્રવાસના અધિકાર પર સીધી અસર થતી નથી. તાજેતરની સુનાવણીમાં, વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણને કોર્ટને વિનંતી કરી હતી કે પાસપોર્ટને નાગરિકતાના માન્ય પુરાવા તરીકે ગણવામાં આવે જેથી લોકોને વારંવાર નવા દસ્તાવેજો માંગવામાં ન આવે. જો કે, આ અંગે કોર્ટનો અંતિમ નિર્ણય હજુ આવવાનો બાકી છે.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## માનસ કબંધ (ભાગ ૫)

### રૂપમાં બીજાને આપણી કરતાં ઉતરતાં ગણવાં, અને એની મજાક કરવી એ પણ કબંધ વૃત્તિ છે



માનસ કબંધની પાંચમા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે આજની કથા અધ્યાત્મ રામાયણનાં કેટલાક શ્લોકથી શરૂ કરું છું. આપણે વાલ્મીકિનો કબંધ, માનસનો કબંધ અને અન્ય ગ્રંથોનાં કબંધ વિશે વાત કરી! તો મને કહેવામાં આવ્યું કે, અમને તો મોરારી બાપુનાં કબંધ વિશે જ જાણવું છે! જે હું હું વચ્ચે વચ્ચે કહું જ છું. તલગાજરડી દ્રષ્ટિએ જો કબંધ સમજાઈ જાય તો ઘણો ભેદ ખત્મ થઈ શકે છે. માનસમાં ત્રણ વાર કબંધ શબ્દ આવ્યો છે, બે વારની વાત થઈ છે, ત્રીજી વખત નસ્ત્રલીલા હત્યો કબંધસ્ત્રસ્ત્ર તુલસીના અન્ય ગ્રંથોમાં તો કબંધનો ઉલ્લેખ ઘણીવાર મળે છે, પણ એ જાતિભેદ અને વર્ણ ભેદ થઈ જાય! આજે એક પ્રશ્ન છે કે દશરથજી એ ભેદ ભક્તિ શું કામ માંગી? ભક્તિમાં ભેદ કેવો? ભેદભક્તિ નો અર્થ જાતિભેદ કે વર્ણભેદ નથી, એ ભેદ તું દયાલ દિન હો, તૂ દાની હૌ ભિખારી. હે પરમાત્મા તું દયાળુ છે હું દિન છું. તું શિવ છે હું જીવું છું, તું વ્યાપક છે, હું વ્યક્તિ છું, એ ભેદની વાત છે.

પરમાત્મા સાથે સંબંધ જોડવાં માટે કાં તો પરમાત્માને પોતાનો પરિવાર બનાવો, કા તમે પરમાત્માનાં પરિવાર થઈ જાવ. ભક્તિ સંબંધ ઈચ્છે છે, અને સંબંધ બે વચ્ચે થાય છે, સંબંધ માટે બીજું જોઈએ જ! એને તુલસીનું માનસ ભેદભક્તિ કહે છે. તૂ ઠાકુર મેં ચેરો, આ દ્વૈત, હું તારો કિંકર છું તું મારો શંકર છે. તો ભેદભક્તિનો અર્થ અહીં કોઈ અસ્પૃશ્ય, કોઈ નિકૃષ્ઠ, કોઈ અપવિત્ર એવો નથી. તુલસી દ્વૈતને માને છે, અને કહે છે, તારો મારો અનેક નાતો છે, એ રીતે પણ આપણે શિવરુપ થઈ શકીએ. શંકરાચાર્ય અદ્વૈત ને માને છે, અને કહે છે, ન જાતીભેદ, ન મોક્ષ, ન બંધન, ન સંસાર સંન્યાસ ભેદ, કેમકે શિવોહમ્, હું જ શિવ છું.

ગોવર્ધન સંસ્કૃત વિદ્યાપીઠ બહુ સારું કામ કરી રહી છે, રોજ સંસ્કૃત વાંચો, સંસ્કૃત બોલવાથી પણ પવિત્રતા આવે છે, સંસ્કૃત અદભુત ગીરા છે. હું ગોવર્ધન વિદ્યાપીઠને સાધુવાદ આપવાં માંગું છું, આપ વર્ષોથી સંસ્કૃતની સેવા કરી રહ્યાં છો, અને આગળ પણ કરતા રહેશો. આ સંસ્કૃત વિશે જાગૃતિ આવે એ માટેનો એક યજ્ઞ છે. રોજ વેદનું અધ્યયન કરવું! એટલે કે સંસ્કૃતનો પાઠ કરવો. કથા સમજાય ત્યારે વિવેક વધે એટલે દુર્જનો સાથે બેસવાનું બંધ કરો. પેટ ભરીને સ્વાદિષ્ટ ભોજન ખાઓ, પરંતુ હું ભિક્ષા ગ્રહણ કરી રહ્યો છું એ ભાવ રાખો. શંકરાચાર્ય કહે છે શરીર રોગ છે, અને ભિક્ષા ભાવથી ભોજન કરવું એ ઔષધી છે. કોઈ બુદ્ધ પુરુષનાં ચરણોમાં આપણી પૂરી નિષ્ઠા થઈ જાય, તો એની પાદુકાને યાદ કરી લેવી, જે આપણાં તમામ ભેદ અને સંશયોનું સમાધાન કરે છે.

રાજસ્થાનમાં વાગડ વિસ્તારમાં જાતિવાદ બહુ વિકૃત રૂપમાં પ્રસ્થાપિત છે, એવી વાત મારી પાસે આવી છે. ભગવાન રામે કહ્યું કે બ્રહ્મકુલ નાં દ્રોહી મને પસંદ નથી, એનો મતલબ બ્રાહ્મણ કુલ નહીં, બ્રહ્મકુલ એટલે બ્રહ્માનું કુળ, જેનાં આપણે સૌ સદસ્ય છીએ. આમાં કોણ હલકું! વ્યાસપીઠની વર્ષો જૂની વ્યાખ્યા છે, કે જે બીજાને હલકાં સમજે, એનાં જેવો હલકો દુનિયામાં બીજો કોઈ નથી. પરમાત્માનાં ચરણોમાંથી જે નીકળે છે, એ ક્યારેય અપવિત્ર નથી હોતું. વેદો એ બધાં ભેદ તોડી નાખ્યા છે, કોણ અસ્પૃશ્ય? આ જીવનનું એક દર્શન છે, સમજમાં ન આવે ત્યારે જ ઘણી ગેરસમજ થાય છે.

આધ્યાત્મ રામાયણ મુજબ કબંધના શ્રાપનો અંત થવાનો છે, અને દેહ પરિવર્તન થઈ રહ્યું છે, ગંધર્વ પુનઃ પોતાનું રૂપ પ્રાપ્ત કરી રહ્યો છે!

ધન્યોઽહં યદિ રામસ્ત્વમાગતોઽસિ મમાન્તિકમ્,
પૂરા ગંધર્વરાજોઽહં રુપયૌવનદર્પિતઃ,..
કુદ્ધોઽસાવાહ દ્રુષ્ટ ત્વં રાક્ષસો ભવ દુર્ગતિ.

ભગવાન હું ધન્ય છું, હું પૂર્વે ગંધર્વરાજ હતો, મારામાં રૂપ અને યવનનું અભિમાન હતું, પરંતુ આપ આવી ગયાં, અને મને ધન્ય કરી દીધો. હું યૌવનનો ગર્વ લઈને જતો હતો એકવાર અષ્ટાવક્ર મુનિને જોયાં, અને મેં એમની મજાક કરી, ક્યાં મારું આવું રૂપ! અને ક્યાં આ વિકલાંગ અષ્ટવક્ર! આઠ પ્રકારના અંગ! અષ્ટાવક્ર કબંધની મજાકથી ક્રોધિત થયાં, અને શ્રાપ આપી દીધો કે હે દુર્મતિ તું રાક્ષસ થઈ જા! કાબંધે માફી માગી, અને એમણે પણ કહ્યું કે, ત્રેતા યુગમાં સ્વયં નારાયણ રામ બની આવશે, અને તારી ભુજા કાપી નાખશે, ત્યારે તારો ઉદ્ધાર થશે, અને તું પૂનમ ગંધર્વનું રૂપ પ્રાપ્ત કરીશ.

એક રાજા હતો રાજા પાસે પૈસા બહુ હતાં, પરંતુ એ વિકલાંગ હતો, અને એક સુંદર ગણીકા કોઠા પર બેસનારી એ નૃત્યાંગનાને રાજાનાં દરબારમાં બોલાવવામાં આવી. રાજા એને જોઈ ખુબ પ્રસન્ન થયાં, પરંતુ વિચારવા લાગ્યાં કે મારી પાસે પૈસા, અને એની પાસે રૂપ છે, અને એટલે એણે પૈસા માટે આવું કામ કરવું પડે છે! ભલે મારી પાસે રૂપ નથી પણ પૈસા તો છે! મારે કોઈની ગુલામી કરવી પડતી નથી! રાજાએ મેણું માર્યું કે જ્યારે પરમાત્મા પૈસા વેચી રહ્યાં ત્યાં ત્યારે તું ક્યાં હતી? આટલી સુંદર થઈને તારે નાચવું પડે છે. ગણિકાએ જવાબ આપ્યો કે પરમાત્મા પૈસા આપી રહ્યાં હતાં, ત્યારે હું જ્યાં રૂપ આપવામાં હતું ત્યાં હતી. રાજાજી આપને આપનાં પૈસાનું અભિમાન છે! જ્યારે મને મારા રૂપનો ગર્વ! માનસ ગણિકાની કથાથી સામાજિક સ્તરે ઘણો ફાયદો થઈ રહ્યો છે! એમની દિકરીઓ લગ્ન કરી રહી છે, અને પછી તલગાજરડા બાપને ઘરે પ્રણામ કરવાં આવે છે! અમે એ સૌને પહેરામણી આપીએ છીએ! હું એ તમામ યુવોનોને પ્રણામ કરું છું, જેમણે એ દિકરીઓના હાથ પકડ્યા! એ સૌને સાધુવાદ આપું છું!

એક શ્રોતાએ લક્ષ્મણ અને ઉર્મિલા વિશે કહેવા કહ્યું છે. ઉર્મિલાનો શબ્દાર્થ સમજી લો, ઊર્મિનો અર્થ લહેર, આપણાં જીવનમાં હૃદયમાં ભગવત પ્રેમની જે ઊર્મિ ઓ ઊઠે છે, એનું નામ જ ઉર્મિલા છે, લા નો અર્થ થાય છે લાવવું. ઉર્મિલા કેવલ સ્ત્રી નથી, એણે લક્ષ્મણના જીવનમાં વ્યક્તિગત ભાવના ઉપર સંયમ કરી, કેટલો સહયોગ કર્યો! માત્ર ઉર્મિલા નહીં, માંડવી અને શ્રુતકીર્તિ પણ રામસીતાનાં કનક ભવનની શોભા છે. ભગવાન રામને જ્યારે ૧૪ વર્ષના વનવાસની સજા થઈ ત્યારે લક્ષ્મણજી માતા સુમિત્રા પાસે વનમાં જવાની આજ્ઞા લેવા ગયાં, માતાએ કહ્યું કે રામ તારા પિતા છે, અને સીતા તારી માતા છે, માટે એ જ્યાં હોય ત્યાં જ તારું સ્થાન છે. લક્ષ્મણજીને થયું કે હું ઝડપથી પસાર થઈ જાઉં, નહીં તો ઉર્મિલા મને રોકી લેશે, અને કહેશે કે મારું શું? પરંતુ ધન્ય છે ઊર્મિલા, કે એ લક્ષ્મણનાં માર્ગમાં આડ બનતી નથી, અદભુત દાંપત્ય છે ઉર્મિલા અને લક્ષ્મણજી નું!

કથાનાં ક્રમમાં આપણે જોયું કે સતી શિવનું અપમાન થતું જોઈ, દક્ષ યજ્ઞમાં દેહ બાળીને ભષ્મ થઈ ગયાં, અને બીજા જન્મમાં હિમાલયને ત્યાં પાર્વતી તરીકે જન્મ થયો! પુત્રીના જન્મ પર ઉત્સવ કરવો, એ આપણી સંસ્કૃતિમાં યુગોથી ચાલી આવતી પ્રથા છે, પરંતુ હજી પણ પુત્રીના જન્મ પર પરિવારજનોના મોઢા મ્લાન થઈ જાય છે. પાર્વતીના જન્મ થતા સાધુ સંતો હિમાલયના ઘરે આવવા લાગે છે! પુત્રીનો જન્મ એ હરખનો પ્રસંગ છે, કારણ કે કિર્તી,શ્રી,વાક્,સ્મૃતિ, મેઘા ધૃતિ અને ક્ષમા એમ સાત પ્રકારની વિભૂતિ આપણા ઘરમાં આવે છે. શંકરના વિવાહ બાદ રામ જન્મ સુધીની કથા કરી પાંચમા દિવસની કથાને વિરામ આપ્યો.

સંકલન. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# વિદ્યાર્થી, વેપારી અને વૃદ્ધા સહિત ૪ લાપતા

## એસ.ટી. બસ સ્ટેન્ડથી બે યુવાનો, ઘરેથી એક વૃદ્ધા અને દુકાનેથી વેપારી ગુમ થતા પરિવારજનોમાં ભારે ચિંતા: એ-ડિવિઝન, ગાંધીગ્રામ-૨ અને માલવિયાનગર પોલીસે ગુમસુધા નોંધ કરી તપાસનો શરૂ કર્યો ધમધમાટ

રાજકોટ, તા.૧૭

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી લોકોના ગુમ થવાના બનાવોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરમાં એકસાથે ચાર અલગ-અલગ કિસ્સાઓમાં એક યુવતી, એક યુવાન, એક વેપારી અને એક વૃદ્ધા ગુમ થયાની ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ છે. શહેરના એ-ડિવિઝન, ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) અને માલવિયાનગર પોલીસ મથકમાં આ અંગે સત્તાવાર જાહેરાત દાખલ કરવામાં આવી છે, જેને પગલે પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને તમામ લાપતા લોકોની શોધખોળ હાથ ધરી છે. એસ.ટી. બસ સ્ટેન્ડથી ૧૮ વર્ષીય કોલેજિયન યુવતી લાપતા એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી વિગત અનુસાર, ગોંડલ ખાતે ૩-માસ્તરલાઈમ રેલવે સ્ટેશન ક્વાર્ટરમાં રહેતી ૧૮ વર્ષીય પનઘટબેન કલ્પેશભાઈ ચૌહાણ ગુમ થઈ છે. આ અંગે તેણીના પિતા કલ્પેશભાઈ સુરેશભાઈ ચૌહાણ (ઉ.વ. ૪૫) દ્વારા પોલીસમાં જાહેરાત કરવામાં આવી છે. પ્રાથમિક વિગતો મુજબ, પનઘટબેન રાજકોટના એસ.ટી. બસ સ્ટેન્ડથી કોઈ કારણોસર એકલા જ ક્યાંક જતા રહ્યા છે. ગુમ થનાર યુવતી કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે અને અપરણિત છે. તેણીનો વાન ઘઉંવર્ણ, ઊંચાઈ ૫ ફૂટ ૧ ઈંચ અને બાંધો મધ્યમ છે. ગુમ થઈ ત્યારે તેણે બ્લુ કલરનું પેન્ટ અને બ્લુ કલરનું ટી-શર્ટ પહેરેલું હતું. આ કેસની વધુ તપાસ એ-ડિવિઝન પોલીસ મથકના એ.એસ.આઈ. ભરતસિંહ વી. ગોહિલ ચલાવી રહ્યા છે.




ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ મથકની હદમાં બનેલા બનાવમાં, રૈયા રોડ પર વસંત સરફેસ ડી-વિંગ (ફ્લેટ નં. ૬૦૩) માં રહેતો ૨૩ વર્ષીય ભગીરથસિંહ કિશોરસિંહ વાઢેર લાપતા થયો છે. તેના માતા અને ફિટનેસ ટ્રેનર તરીકે કામ કરતા દક્ષાબેન કિશોરસિંહ વાઢેર (ઉ.વ. ૪૩) એ નોંધાવેલી વિગતો મુજબ, ભગીરથસિંહ ગત તા. ૧૬/૦૭/૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યાની આસપાસ રાજકોટ બસ સ્ટેન્ડથી ક્યાંક ચાલ્યો ગયો છે. અભ્યાસ કરતો આ યુવાન ઘરે પરત ન ફરતા તા. ૧૭/૦૭/૨૦૨૬ ના રોજ પોલીસમાં ગુમસુધા નોંધ કરવામાં આવી છે. જેની તપાસ એ.એસ.આઈ. કિશોરસિંહ ઝાલાને સોંપવામાં આવી છે.

ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ મથકમાં નોંધાયેલા અન્ય એક બનાવમાં, ૪૦ ફૂટ રોડ પર ધરમનગર મોમાઈ પાનની સામે રહેતા ૩૮ વર્ષીય વેપારી રાજેન્દ્રભાઈ ધીરુભાઈ ચૌહાણ ગુમ થયા છે. તેમના પત્ની શિલ્પાબેન રાજેન્દ્રભાઈ ચૌહાણ દ્વારા અપાયેલી માહિતી મુજબ, રાજેન્દ્રભાઈ ગત તા. ૧૭/૦૭/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૧૫ વાગ્યાની આસપાસ શિલ્પ કોમ્પ્લેક્ષમાં અમૃતા હોસ્પિટલની બાજુમાં આવેલી તેમની પન્યુ શિવાની બેટરીથ નામની દુકાનેથી ક્યાંક ચાલ્યા ગયા છે. આ અંગે તા. ૧૭/૦૭/૨૦૨૬ ના રોજ બપોરે ૪:૦૦ વાગ્યે પોલીસમાં જાણ કરવામાં આવી હતી. વધુ તપાસ એ.એસ.આઈ. વિરેન્દ્રસિંહ ઝાલા ચલાવી રહ્યા છે.

જ્યારે માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એસ.ટી. વર્કશોપ પાછળ આંબેડકર નગર શેરી નં-૭ માં રહેતા ૭૨ વર્ષીય વૃદ્ધા લક્ષ્માદેવી જવાહરરામ પાસવાન લાપતા બન્યા છે. આ મામલે અમરેંદ્રકુમાર જવાહરરામ પાસવાન (ઉ.વ. ૩૨) એ પોલીસને જાણ કરી છે. પોલીસ સમક્ષ જાહેર કરાયેલી વિગતોમાં તેઓ ગત તા. ૧૬/૦૭/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ લક્ષ્માદેવી પોતાના ઘરેથી કોઈ કારણોસર કોઈને કંઈ પણ કહ્યા વગર ચાલ્યા ગયા હતા. ગુમ થનાર વૃદ્ધાએ ભૂરા કલરની સાડી પહેરેલી છે.તેની તપાસ હેડ કોન્સ્ટેબલ એ.બી. જીલરીયા ચલાવી રહ્યા છે. એક જ દિવસમાં નોંધાયેલા આ ચાર અલગ-અલગ ગુમ થવાના બનાવોને લઈને પોલીસ તંત્ર સક્રિય બન્યું છે. સીસીટીવી ફૂટેજ, મોબાઈલ લોકેશન અને સગાસંબંધીઓની પૂછપરછના આધારે પોલીસે આ તમામ લાપતા લોકોને શોધી કાઢવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## વહીવટી પારદર્શિતા માટે ૩ વર્ષથી વધુ સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા જમાદારથી લઈને કોન્સ્ટેબલ સુધીના કર્મીઓને અન્યત્ર મુકાયા

# રાજકોટ જિલ્લામાં ૨૨૫ પોલીસકર્મીઓની આંતરિક બદલી



રાજકોટ, તા.૧૭

રાજકોટ જિલ્લા પોલીસ તંત્રમાં વહીવટી કાર્યક્ષમતા અને પારદર્શિતા વધારવાના હેતુથી એક મોટો અને મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લા પોલીસ વડા  વિજયસિંહ ગુર્જર દ્વારા એક જ ઝાટકે જિલ્લાના ૨૨૫ જેટલા પોલીસ કર્મચારીઓની સામૂહિક આંતરિક બદલીના આદેશો જારી કરવામાં આવતા પોલીસ બેડામાં ભારે દોડધામ અને ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે. આ બદલીઓમાં જમાદારથી લઈને પોલીસ કોન્સ્ટેબલ કક્ષાના કર્મચારીઓનો સમાવેશ થાય છે.

પોલીસ વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મોટા પાયે ફેરફાર પાછળનો મુખ્ય હેતુ વહીવટી સુધારણા અને કામગીરીમાં નવીન ઊર્જા લાવવાનો છે. જે પોલીસ કર્મચારીઓ છેલ્લા ૩ વર્ષ કે તેથી વધુ સમયથી એક જ પોલીસ સ્ટેશન અથવા એક જ એકમમાં ફરજ બજાવી રહ્યા હતા, તે તમામની આંતરિક બદલી કરવામાં આવી છે. લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા આ કર્મચારીઓને હવે જિલ્લાના અલગ-અલગ પોલીસ મથકોમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આ ફેરબદલનો મુખ્ય આશય કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બનાવવાનો અને સ્થાનિક સ્તરે પોલીસિંગને વધુ સુદ્રઢ કરવાનો છે.

જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી મુજબ બદલી પામેલા ૨૨૫ કર્મચારીઓની વિગતો જોઈએ તો, સૌથી વધુ આટકોટ પોલીસ મથકમાંથી ૧૭ કર્મચારીઓની બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત ઔદ્યોગિક અને વ્યસ્ત વિસ્તાર એવા શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાંથી ૧૬, ગોંડલ સીટી એ-ડિવિઝનમાંથી ૧૬, ઉપલેટામાંથી ૧૪, કોટડાસાંગાણીમાંથી ૧૩, જસદણમાંથી ૧૨, અને જેતપુર સીટીમાંથી ૧૨ કર્મચારીઓની આંતરિક ફેરબદલ થઈ છે. ગોંડલ તાલુકા અને ભાયાવદર પોલીસ મથકમાંથી ૧૧-૧૧, યાત્રાધામ વીરપુરના ૯, જ્યારે જિલ્લા ટ્રાફિક શાખા, લોધિકા અને પડધરીમાંથી ૮-૮ કર્મચારીઓના બદલીના આદેશ થયા છે. વધુમાં, જેતપુર તાલુકા, જામકંડોરણા, ભાડલા અને વીંછીયામાંથી ૭-૭ કર્મચારીઓ બદલાયા છે. ધોરાજી સીટી, પાટણવાવ અને મહિલા પોલીસ મથકમાંથી ૫-૫, ડીવાયએસપી કચેરીના ૪ તેમજ મેટોડા, એમટી (મોટર ટ્રાન્સપોર્ટ) વિભાગ અને હેડ ક્વાર્ટર્સમાંથી ૧-૧ કર્મચારી મળીને કુલ ૨૨૫ જવાનોને નવી જગ્યાએ ફરજ સોંપવામાં આવી છે.

વરિષ્ઠ અધિકારીઓના મતે આ એક નિયમિત વહીવટી પ્રક્રિયાનો ભાગ છે, જેનાથી સમગ્ર જિલ્લામાં સંતુલિત માનવબળની વ્યવસ્થા ગોઠવાશે અને તંત્રમાં નવીનતા આવશે. એકસાથે આટલી મોટી સંખ્યામાં બદલીના આદેશો છૂટતા જ પોલીસ તંત્રમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. બદલી કરાયેલા તમામ પોલીસ કર્મચારીઓને તાત્કાલિક અસરથી પોતાની નવી નિયુક્તિના સ્થળે હાજર થવાના આદેશ કરી દેવામાં આવ્યા છે.

# કરોડો ખંખેરવાના કેસમાં મહિલા આરોપીની ધરપકડ પર હાઈકોર્ટની રોક

## રાજકોટ ડીસીબીમાં નોંધાયેલા જીપીઆઇડી (GPID)ના ગુનામાં જ્યોત્સનાબેન ખુંટને મોટી રાહત: હાઈકોર્ટે ફરિયાદીને ૧લી સપ્ટેમ્બરે હાજર થવા નોટિસ ફટકારી

રાજકોટ, તા.૧૭

દુબઈ સ્થિત મીશા ઈન્વેસ્ટમેન્ટ કન્સલટન્ટ પેઢીમાં રોકાણ પર પાંચથી સાત ટકાના વળતરની લાલચ આપીને છેતરપિંડી કરવામાં આવી હતી. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાંથી રૂ. ૧,૭૪,૯૩,૫૦૦ નું રોકાણ કરાવીને વિશ્વાસઘાત આચરવાના ચકચારી ગુનામાં સંડોવાયેલા મહિલા આરોપીને ગુજરાત હાઈકોર્ટે મોટી રાહત આપી છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે મહિલા આરોપી જ્યોત્સનાબેન અરવિંદભાઈ ખુંટની ધરપકડ સામે મનાઈહુકમ ફરમાવ્યો છે. માયાણી ચોક વિસ્તારમાં રહેતા વીરેન્દ્રસિંહ વિજયસિંહ પરમારે રાજકોટ શહેર ડી.સી.બી. (ક્રાઈમ બ્રાન્ચ) પોલીસ સ્ટેશનમાં ગત તા. ૨૯/૦૩/૨૦૨૬ ના રોજ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીના જણાવ્યા મુજબ, આરોપીઓએ બેંક મારફતે રૂ. ૪૮,૯૩,૫૦૦ અને એજન્ટ તરીકે રોકડા રૂ. ૧,૨૬,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૧.૭૪ કરોડથી વધુની રકમ ઉઘરાવી હતી. વિશ્વાસ કેળવવા શરૂઆતમાં રોકાણ પર વળતર પેટે રૂ. ૨૬,૭૭,૪૦૦ ચૂકવ્યા હતા, પરંતુ બાદમાં મૂડી કે વળતર પરત ન કરી અંગત ઉપયોગમાં લઈ રકમનો દુરુપયોગ કર્યો હતો.



આ ગુનામાં સાગર અરવિંદભાઈ ખુંટ, અરવિંદ લાલજીભાઈ ખુંટ, જ્યોત્સનાબેન અરવિંદભાઈ ખુંટ અને ગૌરાંગ મનસુખભાઈ ખુંટ સામે જી.પી.આઈ.ડી. એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. અંબિકા ટાઉનશીપમાં રહેતા મહિલા આરોપી જ્યોત્સનાબેન ખુંટે પોતાની સામેની એફ.આઈ.આર. રદ કરાવવા હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી. તેમના વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, અરજદારે આ ગુનામાં કોઈ આર્થિક લાભ લીધો નથી કે ઈન્વેસ્ટમેન્ટ માટે ફરિયાદી સાથે કોઈ વાતચીત કરી નથી. અન્ય સહઆરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે અને ચાર્જશીટ પણ ફાઈલ થઈ ગઈ છે, તેથી કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની જરૂર નથી. આ દલીલોને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટે જ્યોત્સનાબેનની ધરપકડ સામે મનાઈ ફરમાવી છે અને ફરિયાદીને આગામી તા. ૦૧/૦૯/૨૦૨૬ ના રોજ કોર્ટ સમક્ષ હાજર રહેવા નોટિસ ઈશ્યુ કરી છે.

અરજદાર વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટિયા, યુવરાજ વેકરિયા, જસ્મીન દુધાગરા, ભાવિન ખુંટ, જય પીઠવા, સાહિલ કંટારિયા તથા મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહિલ ફળદુ અને હાઈકોર્ટમાં પ્રતિકભાઈ જસાણી રોકાયા હતા.

## સમયાંતરે પડકાર ફેંકતા રહે છે તસ્કરીયા: એક સાથે ત્રણ ઘરમાં ત્રાટક્યા

# ચોરટાઓની મહેનત ફળી: પોણા કરોડનો ધનલાભ થયો

## દુબઇ ગયેલા મહિલાના ઘરમાંથી એકોતેર લાખ અને બીજા બે મકાનમાંથી પણ લાખોની ચોરી: પોલીસે ગણતરીના સમયમાં બે ચોરટાને કાર સાથે પકડ્યા: પણ મુદ્દામાલ રીકવર થયો માત્ર પાંચ લાખનો

રાજકોટ,તા.૧૭

ઠેકઠેકાણે ચોરટાઓ કસબ અજમાવી જે મળે તો ચોરી જતાં હોય છે. દરમિયાન એક સાથે ત્રણ જગ્યાએ ત્રાટકીને તસ્કરો એકોતેર લાખની માલમત્તા ચોરી ગયા છે. રાજ્યભરમાં ચોર, ચિલઝડપકારો, લૂંટારાઓ સમયાંતરે પોલીસને પડકાર ફેંકતા રહે છે. મોટી મત્તાની ચોરીઓનો ભેદ ઉકેલવા પોલીસની ટીમો કામે લાગી છે. એક પરિવાર દુબઇ ગયો હોઇ તેમના ફ્લેટમાંથી એકતોર લાખ અને બીજા બે મકોનમાંથી પણ લાખોની ચોરી થઇ હતી. પોલીસ માટે સારી વાત એ હતી કે કલાકોમાં બે ચોરને કાર સાથે ઝડપી લેવામાં સફળતા મળી હતી. જો કે તેની પાસેથી માલમત્તા માંડ પાંચેક લાખની જ રીકવર થઇ શકી હતી.

વિગતો પર નજર કરીએ તો ચોરીના ત્રણ બનાવો વડોદરામાં બન્યા હતાં. જેમાં ૭૩ લાખના દાગીના અને રોકડની ચોરી થઈ હતી. સયાજીગંજ, ગોત્રી અને મકરપુરામાં બનેલી આ ઘટનાઓમાં, દુબઈ ગયેલા બહેનના લેટમાંથી ૭૧ લાખના દાગીના ચોરી જવાયા હતાં. જ્યારે ગોત્રી અને મકરપુરામાં પણ લાખોની ચોરી થઈ હતી. વિગતો જોઇએ તો શહેરમાં જુદાજુદા વિસ્તારોમાં ચોરીના ત્રણ બનાવ બન્યા છે.જેમાં ચોરો અંદાજે પોણા કરોડ લાખની કિંમતના દાગીના,રોકડ અને અન્ય ચીજો ઉઠાવી ગયા હતા. સયાજીગંજમાં પુજા હોટલ પાસે તસીદ ટાવરમાં રહેતા તસરીકા હુસૈન અબ્બાસ વાસદવાલાએ પોલીસને કહ્યું હતું કે અમારી જોડેની વિંગમાં રહેતા મારા બહેન રસીદા જાવરાવાલા છેલ્લા એક વર્ષથી દુબઇ ગયા હોવાથી હું તેમના લેટની દેખરેખ રાખું છું.

તેમને ત્યાં મણિબેન સફાઇ કામ કરે છે અને મણિબેનનો પુત્ર સુખરામ વોચમેન છે. બપોરે બે થી પાંચના ગાળામાં નકૂચો તોડીને ત્રાટકેલા ચોરો સામાન વેરવિખેર કરી લોકર ઉઠાવી ગયા હતા.જેમાં સોનાના સેટ,બ્રેસલેટ,લોકેટ,બંગડીઓ મળી રૂપિયા ૫.૧૦ લાખની કિંમતના ૫૧ તોલાના દાગીના જેની હાલની બજાર કિંમત ૭૧લાખ ગણી શકાય તે હતાં. આવી જ રીતે ગોત્રીના અભિષેક ડૂપ્લેક્સમાં રહેતા નિતેશભાઇ પટેલ વિદેશ ગયા હોવાથી તા.૭મીએ રાત્રે તેમના મકાનમાં ત્રાટકેલા ચોરો ચાંદીના દાગીના,રોકડા રૂ.૫ હજાર અને ૨૦૦ યુએસ ડોલર મળી રૂપિયા અડધો લાખની મતા ચોરી ગયા હતા.

જ્યારે મકરપુરામાં ક્રિષ્ણા ટાવરમાં રહેતા હિના પંકજભાઇ રાય પતિ સાથે તા.૨૨ના રોજ બહારગામ ગયા હતા તે દરમિયાન ત્રાટકેલા ચોરો રૂ.એક લાખની સોનાની ચેન ચોરી જતાં તેમણે ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન સરદાર એસ્ટેટ પાસે ક્રાઇમ બ્રાન્ચની ટીમે કારમાં પસાર થતા રામકુમાર રાજુભાઇ ચૌહાણ અને વિશાલ વિજયભાઇ દંતાણીને તપાસતાં કારમાંથી દાગીના અને રોકડ મળ્યા હતા. પોલીસે બંનેની વધુ પૂછપરછ કરતાં સુભાનપુરાની અવનિશ પાર્ક સોસાયટીના મકાનમાં તેમજ ગોત્રીના અભિષેક ડૂપ્લેક્સમાં ચોરી કર્યાની વિગતો ખૂલી હતી.પોલીસે બંને ચોરો પાસેથી કાર, દાગીના, રોકડ અને બે મોબાઇલ મળી રૂપિયાપાંચ લાખની મતા કબજે કરી હતી.

વધુ માહિતી અનુસાર ગોત્રીના અભિષેક ડૂપ્લેક્સમાં ચોરીના બનેલા બનાવમાં મકાનની દેખરેખ રાખતી મકાન માલિકની પુત્રીએ કેમેરા અને લાઇટો બંધ જોતાં શંકા થઇ હતી.

જેથી તેણે કેમેરાનું રેકોર્ડિંગ તપાસતો મધરાત બાદ ચોરોની વાતચીત કરતો અવાજ સંભળાયો હતો.પોલીસે સીસીટીવી ફૂટેજને આધારે વધુ તપાસ કરતાં બંને ચોર પકડાઇ ગયા હતાં. પોલીસ બાકીના સાગરીતોને શોધવા કાર્યવાહી કરી હતી.

## કેમ્પ માટે દરરોજ ચાલીસ લીટર દૂધ અને વીસ કિલો દહીંની જરૂર પડશે કહી યુનિફોર્મ પહેરેલા વ્યક્તિએ આર્મી ઓફિસરનો સ્વાંગ રચી વાત કરી

# દૂધના વેપારીને સાયબર ગઠીયાઓએ માર્યો ધુમ્બો

**આર્મીના નામે વાત કરી સાયબર ગઠીયાઓએ ઓટીપી મેળવી બેંક ખાતુ ખાલી કરી નાંખ્યું**

રાજકોટ,તા.૧૭

સાયબર ફ્રોડની ઘટના એક ભુલો ત્યાં બીજી ચાર પાંચ હાજર જ હોય છે. સાયબર ક્રાઇમ પોલીસમાં દરરોજ અસંખ્ય અરજીઓ, લેખીત ફરિયાદ, ઓનલાઇન પોર્ટલ પર સાયબર ફ્રોડની ફરિયાદોનો સતત મારો થતો રહે છે. સાયબર ક્રાઇમ પોલીસ લોકોને સાયબર ક્રાઇમ સામે જાગૃત થવા સતત ચેતવતી રહે છે.

પરંતુ સાયબર ગઠીયાઓ હમેંશા પોલીસથી અનેક ડગલા આગળ રહે છે અને ખુબ જ ચપળતાથી તે પોતાનો શિકાર શોધી લઇ ફુલ નહિ તો ફુલની પાંખડી મુજબ જે મળે એ રકમનું ફ્રોડ આચરી લેવામાં સફળ થઇ જાય છે. વધુ એક વખત આવી ઠગાઇ થઇ છે. જેમાં ગઠીયાઓએ હદ વટાવી હતી અને આર્મીમેનની ઓળખ આપી દુધના વેપારીને છેતરી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો વલસાડમાં સાયબર ઠગોએ આર્મી જવાન અને આર્મી ચીફ ઓફિસરની ખોટી ઓળખ આપી એક દૂધના વેપારી સાથ ઓગણસાંઇઠ હજાર નવસો એકાણુની છેતરપિંડી કરી હતી. આર્મી કેમ્પ માટે દૂધ અને દહીંનો મોટો ઓર્ડર આપવાના બહાને વેપારીના બેંક ખાતામાંથી આ રકમ ઉપાડી લેવામાં આવી હતી.

વલસાડ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. વધુ વિગત મુજબ વલસાડના નાનકવાડા વિસ્તારમાં અમૂલ ફેમિલી પાર્લર ચલાવતા વેપારીને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાનું નામ સતિષકુમાર જણાવ્યું હતું.

આ પછી વાત આગળ વધારી કહ્યું હતું કે વલસાડ પોલિટેકનિક કોલેજ ખાતેના આર્મી કેમ્પ માટે વીસ દિવસ સુધી દરરોજ ચાલીસ લિટર ટેટ્રા પેક દૂધ અને વીસ કિલો દહીં સપ્લાય કરવાનો મોટો ઓર્ડર આપ્યો હતો. એડવાન્સ પેમેન્ટ માટે આર્મી ચીફ ઓફિસર વીડિયો કોલ કરશે તેમ કહી વેપારીને વિશ્વાસમાં લીધો હતો. બીજા દિવસે, ખાખી યુનિફોર્મમાં એક વ્યક્તિએ વેપારીને વીડિયો કોલ કર્યો અને પોતાને આર્મી ચીફ ઓફિસર તરીકે ઓળખાવ્યો. તેણે વેપારીને બેંક એકાઉન્ટ ખોલવા જણાવ્યું. પૈસા ટ્રાન્સફર ન થવાનું બહાનું કાઢી, ઠગે વેપારી પાસેથી એપ ડાઉનલોડ કરાવી અને ઓટીપી મેળવી લીધો હતો.




ત્યાર પછી વેપારીના બેંક ખાતામાંથી રૂપિયા ૫૯,૯૯૧ ઉપાડી લેવામાં આવ્યા હતાં. પોતાના ખાતામાંથી પૈસા કપાઈ ગયા બાદ વેપારીએ ઠગોનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બંને મોબાઇલ નંબર બંધ મળ્યા હતાં. તેમણે તાત્કાલિક ૧૯૩૦ સાયબર હેલ્પલાઇન પર ફરિયાદ નોંધાવી હતી. જોકે, પૈસા પરત ન મળતાં આખરે વેપારીએ વલસાડ પોલીસમાં ગુનો નોંધાવ્યો હતો. પોલીસે અજાણ્યા સાયબર ઠગો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તપાસ શરૂ કરી હતી.

વધુ એક વખત પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે આર્મી, સરકારી અધિકારી કે અન્ય કોઈના નામે વીડિયો કોલ અથવા એડવાન્સ પેમેન્ટના બહાને ઓટીપી, બેંક વિગતો કે મોબાઇલ એપ દ્વારા કોઈ માહિતી માંગે તો સાવચેત રહેવું. આવા કિસ્સાઓમાં તાત્કાલિક ૧૯૩૦ સાયબર હેલ્પલાઇન અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો જોઇએ.

જો કે પોલીસની લોકોને સાયબર ફ્રોડ સામે જાગૃત કરવાની મહેનત ફળી છે અને લોકો જાગૃત પણ થઇ રહ્યા છે. પરંતુ ગઠીયાઓ એવી એવી તરકીબ અજમાવે છે કે જે તે લોકોને લગરીકેય અણસાર નથી આવતો કે પોતાની સાથે ફ્રોડ થઇ રહ્યું છે કે પછી થઇ ગયું છે. સાયબર ગઠીયાઓ હમેંશા પોલીસથી આગળ રહે છે તે વાત વધુ એક વખત સાબીત થઇ હતી.

# સ્પર્ધાત્મક પરીક્ષામાં અસફળ ઉમેદવારો માટે રોજગારીનો 'અવસર': GPSCની જાહેરાત

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત જાહેર સેવા આયોગે સ્પર્ધાત્મક પરીક્ષામાં અસફળ રહેલા પરંતુ તેજસ્વી હોય તેવા ઉમેદવારો માટે રોજગારીની તક ઊભી થાય તે માટે નઅવસરથ મોડ્યુલ વિકસાવ્યું છે. ગુજરાત જાહેર સેવા આયોગના સચિવે આ અંગે વિગતો આપતાં કહ્યું કે-જીપીએસસીની ભરતી પ્રક્રિયામાં ઈન્ટરવ્યૂ સુધી પહોંચેલા ઉમેદવારો પ્રિલિમ્સ અને મેઈન્સ પરીક્ષા ઉત્તીર્ણ કરીને ઈન્ટરવ્યૂ માટે પસંદ થયા હોય છે. એટલે કે તે ઉમેદવારો ભલે અસફળ રહ્યા પણ તે તેજસ્વી જરૂર હોય છે. આવા ઉમેદવારોને રોજગારીની તક પૂરી પાડવા માટે ગુજરાત જાહેર સેવા આયોગે આ અવસર મોડ્યુલ વિકસાવ્યું છે. ગુજરાત જાહેર સેવા આયોગે ભરતી પ્રક્રિયાના આખરી પરિણામોમાં અસફળ રહેલા અને પ્રતીક્ષાયાદીમાં સમાવિષ્ટ ઉમેદવરાનો વિવિધ માન્ય સરકારી ક્ષેત્રો, જાહેર સાહસો તેમ જ પ્રતિષ્ઠીત ખાનગી સંસ્થાઓમાં રોજગારીની વૈકલ્પિક અને ઉત્કૃષ્ટ તક સરળતાથી મળી રહે તે માટે આયોગ એક મધ્યસ્થીની ભૂમિકા ભજવશે.



**રોજગારીની વૈકલ્પિક અને ઉત્કૃષ્ટ તક સરળતાથી મળી રહે તે માટે આયોગ ભજવશે મધ્યસ્થીની ભૂમિકા**

આ યોજનાનો લાભ લેવા માટે ઉમેદવારની પૂર્વ સંમતિ અનિવાર્ય છે. જે ઉમેદવારો પોતાની વિગતો જેવી કે નામ, મોબાઇલ નંબર, ઈ-મેઈલ અને શૈક્ષણિક લાયકાત સંબંધિત સંસ્થાઓ સાથે શેર કરવા માંગતા હોય, તેમણે **GPSC Ojas Portal - https://gpsc-ojas.gujarat.gov.in/** પર જઈને ઓનલાઇન સંમતિ આપવાની રહેશે. સુરક્ષાના ભાગરૂપે આ પ્રક્રિયામાં ઘઝડ્ની વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષમાં એટલે કે તા. ૧ જુલાઇ, ૨૦૨૬ પહેલા પૂર્ણ થયેલી ૪૧૫ કરતાં વધુ વર્ગ-૧ અને ૨ની ભરતીના આખરી પરિણામમાં અસફળ કે પ્રતીક્ષાયાદીના ૧૮ હજાર કરતાં વધુ ઉમેદવારો આ મોડ્યુલ પર જઈને સંમતિ પત્રક સબમિટ કરી શકે છે. વધુમાં, ભવિષ્યની ભરતીઓમાં ઉમેદવારોને ફોર્મ ભરતી વખતે જ આ સંમતિ આપવાનો વિકલ્પ આપવામાં આવશે. **GPSC** દ્વારા વહીવટી, તબીબી, શૈક્ષણિક અને ટેકનિકલ કેડર મુજબ ડેટાબેઝ તૈયાર કરવામાં આવ્યો છે.

ઉમેદવારોનો ડેટા મેળવનાર સંસ્થા તેનો ઉપયોગ માત્ર રોજગારી આપવા સિવાય અન્ય કોઈ હેતુ માટે કરી શકશે નહીં, અને આ ડેટાની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે. આયોગ માત્ર યોગ્ય સરકારી વિભાગો, ડ્જબત અને માન્ય ખાનગી કંપનીઓને જ નિયંત્રિત એક્સેસ આપશે. વધુમાં, **GPSC** માત્ર એક પમાધ્યમથ તરીકે કાર્ય કરી રહ્યું છે, તેથી આ પ્લેટફોર્મ દ્વારા મળનારી નોકરીની શરતો, વેતન કે કાનૂની વિવાદો બાબતે આયોગની કોઈ સત્તાવાર કે કાનૂની જવાબદારી રહેશે નહીં. ઉમેદવારોને વધુ માહિતી માટે આયોગની સત્તાવાર વેબસાઈટનો અભ્યાસ કરવાની અપીલ કરવામાં આવી છે.

### લેભાગુની જાળમાં ફસાઇ ગઇ વધુ એક યુવતિઃ ધરાર સંબંધ રાખવા થતું હતું દબાણ

# દૂષ્કર્મ બાદ નરાધમની ધમકીથી પીડિતાનો આપઘાત

## એકવીસ વર્ષની યુવતિ લટકી ગઇ એ પહેલા લખેલી સ્યુસાઇડ નોટને આધારે પોલીસે આપઘાતની દુષ્પ્રેરણા આપનારાને દબોચી લીધો

રાજકોટ, તા. ૧૭

રાજ્યભરમાં સગીરાઓ, યુવતિઓ, પરિણીતાઓ અને ક્યારેક વિધવાઓને મિત્રતાની આડમાં કે પછી ડરાવી ધમકાવી હવસખોરીની શિકાર બનાવવામાં આવે છે. લેભાગુઓ બ્લેકમેઈલીંગ કરી શારીરિક ઉપરાંત આર્થિક શોષણ કરતાં હોવાના કિસ્સા પણ બને છે. ઘણીવાર તો ભોગ બનનાર આપઘાત કરી લેવા મજબૂર થઇ જાય છે. આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક હવસખોરે એકવીસ વર્ષની યુવતિ સાથે છરીની અણીએ બળજબરી આચરી લીધી હતી. પછી પણ સતત ધરાર સંબંધ રાખવા ધમકાવતો હોઇ તેણીએ પંખે લટકી મોત મેળવી લીધુ હતું. સ્યુસાઇડ નોટને આધારે પોલીસે આરોપીને દબોચી લીધો હતો.

આ લાલબત્તી સમાન ઘટના પર નજર કરીએ તો સુરતના સચિન તલંગપુર વિસ્તારમાં એક અત્યંત ચકચારી અને કાળજું કંપાવતી ઘટના સામે આવી છે. એક એકવીસવર્ષીય યુવતી સાથે પ્રેમ સંબંધ રાખવાનો ઈન્કાર કરવા છતાં તેની સાથે ચપ્પુની અણીએ જબરદસ્તી કરી બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ફક્ત એટલું જ નહીં, દુષ્કર્મ ગુજાર્યા બાદ પણ નરાધમ દ્વારા યુવતીને સતત સંબંધ રાખવા માટે દબાણ કરી ઢોર માર મારવામાં આવતો હતો. આ શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને આખરે યુવતીએ ગળાફાંસો ખાઈને પોતાની જીવન ટૂંકાવ્યું હતું.

આ બનાવમાં આપઘાત પહેલા પીડિત યુવતી દ્વારા લખવામાં આવેલી ચાર પાનાની સુસાઈડ નોટના આધારે સચિન જીઆઈડીસી પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી લીધી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યું કે સચીન જીઆઈડીસી પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી મુમતાઝ રબિલ અહેમદની ધરપકડ કરી લીધી છે. આરોપી પરિણીત છે અને તેને એક



બાળક પણ છે. આરોપી મુમતાઝ મૂળ ઉત્તર પ્રદેશના કુશીનગર જિલ્લાનો વતની છે અને હાલ સુરતમાં સચીન તલંગપુર રોડ ખાતે રહેતો હતો તથા વ્યવસાયે લેબર કોન્ટ્રાક્ટર છે. ભોગ બનનાર એકવીસ વર્ષીય મૃતક યુવતી પોતાની બહેન સાથે આ જ આરોપી મુમતાઝના અંડરમાં મજૂરી કામ કરવા માટે જતી હતી.

આ કામ દરમિયાન જ આરોપીની નજર આ યુવતી પર બગડી હતી અને તેણે યુવતીની આર્થિક મજબૂરીનો ફાયદો ઉઠાવવાનું શરૂ કર્યું હતું.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું હતું કે આરોપી મુમતાઝ રબીલ અહમદ છેલ્લા આશરે ૬ મહિનાથી યુવતીને તેની સાથે પ્રેમ સંબંધ રાખવા માટે સતત દબાણ કરતો હતો. યુવતી સતત તેનો વિરોધ કરતી હતી અને સંબંધ રાખવા ઈચ્છતી ન હતી. યુવતીના ઈન્કારથી ઉશ્કેરાયેલો આરોપી વારંવાર ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. એક દિવસ તકનો લાભ ઉઠાવી નરાધમે ચપ્પુની અણીએ યુવતી સાથે જબરદસ્તી કરી બળાત્કાર ગુજાર્યો હતો.

આ દુષ્કર્મ બાદ પણ તે યુવતીને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી અવારનવાર મારપીટ કરતો હતો. આરોપી દ્વારા અપાતા સતત ત્રાસ, ધમકીઓ અને બદનામીના ડરથી પીડિત યુવતી સખત માનસિક તણાવમાં સરી પડી હતી. સમાજમાં બદનામી થવાના ભય અને નરાધમના રોજબરોજના ત્રાસથી મુક્તિ મેળવવાનો કોઈ રસ્તો ન દેખાતા, આખરે યુવતીએ પોતાના જ ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. શરૂઆતમાં સામાન્ય આપઘાત જણાતી આ ઘટનામાં જ્યારે યુવતીએ લખેલી ચાર પાનાની સુસાઇડ નોટ મળી આવી, ત્યારે તેમાં થયેલા અત્યાચારની વિગતો જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

યુવતીના આત્મહત્યાના પગલે સચીન જીઆઈડીસી પોલીસે તુરંત જ પરિવારજનોની ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આરોપી મુમતાઝ રબીલ અહમદ સામે ભારતીય ન્યાય સંહિતાની સંલગ્ન કલમો હેઠળ બળાત્કાર, આપઘાતની દુષ્પ્રેરણા તેમજ પીડિત પરિવારની પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખીને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તેને જેલના સળિયા પાછળ ધકેલી દેવાની કાર્યવાહી કરી હતી. આ સમગ્ર મામલો અત્યંત ગંભીર અને સંવેદનશીલ હોવાથી સુરત પોલીસ કમિશનરની સૂચના અનુસાર તપાસનો દોર ઉચ્ચ અધિકારીને સોંપવામાં આવ્યો છે. સમગ્ર કેસની સઘન તપાસ એસીપી એસ. ડી. તરડે દ્વારા કરવામાં આવી રહી છે. પોલીસ આરોપીના રિમાન્ડ મેળવી વિશે કાર્યવાહી કરવામાં આવશે.

### ઓનલાઇન રોકાણ પર નફો લેવાની લાલચ વધુ એક વખત નડી ગઇ

# શેર-ફોરેક્સમાં કમાવવા જતાં વૃધ્ધને અડધા કરોડનો ચૂનો

## સાયબર ગઠીયાએ વ્હોટ્સએપ ગ્રુપ એડ કરી છેતરી લીધાઃ પોલીસ એક ગઠીયા સુધી પહોંચી જેણે ફ્રોડના નાણા માટે પોતાના એકાઉન્ટનો કર્યો હતો ઉપયોગઃ રીઢા ગુનેગારની વિસ્તૃત પુછપરછ

રાજકોટ, તા. ૧૭

સાયબર ગઠીયાઓ અલગ અલગ રીતે ઓનલાઇન રોકાણ પર મોટા નફાની લાલચ આપી ઠગાઇ કરતાં રહે છે. દરમિયાન એક એકોતેર વર્ષના વૃધ્ધ સાથે શેર બજારમાં રોકાણ પર નફાની લાલચ આપી છેતાલીસ લાખ સોળ હજારની ઠગાઇ કરવામાં આવી છે. આ બનાવમાં સાબયર ક્રાઇમ પોલીસે તત્કાળ કાર્યવાહી કરી તપાસ શરૂ કરતાં એક ગઠીયો હાથમાં આવ્યો હતો. જો કે આ શખ્સે પોતાનું બેંક એકાઉન્ટ ફ્રોડના નાણા જમા કરાવવા ભાડેથી આપ્યાનું ખુલ્યુ હતું. તેના આ ખાતાનો અગાઉ પણ દેશભરમાં થયેલા ફ્રોડના છ ગુનાઓમાં ઉપયોગ કરાયો હોવાનું સામે આવ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો શેર માર્કેટ અને ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરી ટૂંકા સમયમાં કરોડો રૂપિયાનો નફો મેળવવાની લાલચ આપી એક એકોતેર વર્ષીય નિવૃત્ત એકાઉન્ટન્ટ સાથે રૂપિયા ૪૬,૧૬,૦૦૦ની ઓનલાઈન છેતરપિંડી આચરવામાં આવી હતી. આ કેસની તપાસ દરમિયાન સાયબર સેલે ગુનાહિત કાવતરાનો પર્દાફાશ કરીને આ ગુનામાં સંડોવાયેલા એક મુખ્ય સાગરીતની ધરપકડ કરી હતી. પોલીસની




પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે, ભોગ બનનાર વૃદ્ધને એક વ્હોટ્સએપ ગ્રુપમાં એડ કરીને નકલી એપ્લિકેશન અને બનાવટી વેબસાઈટના માધ્યમથી વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા.

સાયબર સેલે આ ગુનામાં સંડોવાયેલા આરોપી અવિનિક ભરતભાઇ વઘાસીયા જે મુળ ભાવનગર પંથકનો છે અને હાલ સુરત રહે છે તેની ધરપકડ કરી હતી. આરોપી અવિનિક અગાઉ અન્ય એક સાયબર ક્રાઈમ ગુનામાં અમરેલી જેલમાં બંધ હતો. સુરત સાયબર ક્રાઈમ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ટ્રાન્સફર વોરંટના આધારે તેની જેલમાંથી ધરપકડ કરીને સુરત લાવી છે. પકડાયેલો આ આરોપી અગાઉ ફોટોગ્રાફીના વ્યવસાય સાથે સંકળાયેલો હતો.

પરંતુ ટૂંકા સમયમાં વધુ રૂપિયા કમાવવાની લાલચે તે સાયબર ગુનેગારોની ટોળકીના સંપર્કમાં આવી ગયો હતો. પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, આરોપી અવિનિક વઘાસીયા સાયબર ઠગો માટે બેંક એકાઉન્ટની સગવડ કરી આપવાનું અને નાણાં સગેવગે કરવાનું મહત્વનું કામ કરતો હતો. આ ગુનામાં ઉપયોગમાં લેવાયેલા ઈન્ડસઈન્ડ બેંકના ખાતાધારકો સાથે મળીને તે સાયબર ફ્રોડથી મેળવેલા નાણાં એટીએમ તેમજ ચેકબુક મારફતે કેશ વિડ્રો કરી લેતો હતો. ત્યારબાદ આ રોકડ રકમ તે નાસતા ફરતા મુખ્ય આરોપીઓ સુધી પહોંચાડતો હતો. આ કેસના ફરિયાદી વૃદ્ધના અંદાજે ૧,૨૬,૧૦૫અવિનિકે પોતે જ બેંક ખાતામાંથી ઉપાડી લીધા હોવાના પુરાવા પોલીસને મળ્યા હતાં. ઝડપયેલો આરોપી અવિનિક વઘાસીયા રીઢો ગુનેગાર છે અને તેની સામે અગાઉ પણ અનેક પોલીસ મથકોમાં ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા હતાં.

સાયબર પોલીસે નેશનલ સાયબર ક્રાઇમ રીપોર્ટીંગ પોર્ટલ પર તપાસ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. જેમાં દેશના જુદા જુદા રાજ્યોમાં તેના બેંક એકાઉન્ટને લઈને કુલ છ જેટલી ફરિયાદો નોંધાયેલી છે. આ ઉપરાંત, તેની સામે અગાઉ અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં તેમજ જૂનાગઢના ભેંસાણ પોલીસ મથકમાં રાયોટિંગ અને ધમકી આપવાનો ગુનો તેમજ સુરતના વરાછા પોલીસ મથકમાં છેતરપિંડી અને આઈટી એક્ટ હેઠળ ગુના નોંધાયેલા હોવાનું સામે આવ્યું હતું. આ કારસ્તામાં હવે પોલીસ સુત્રધારને શોધવા મહેનત કરી રહી છે.

### કોમ્પ્યુટરના ક્લાસ પુરા કરી નવાગામ ઘરે જવા નીકળ્યા પણ રસ્તામાં 'કાળ' ભેટી ગયો

# શાપરના ગુંદાસરા પાસે અકસ્માતઃ બે મિત્રોના મોત

## રોડરોલરની ટક્કર લાગતાં મોટરસાઇકલઇ સહિત ફેંકાઇ ગયાઃ અઢાર-અઢાર વર્ષની ઉંમર ધરાવતાં નવાગામ આણંદપરના બંને મિત્રોના એક સાથે મોતથી પરિવારજનોમાં, ગામમાં અરેરાટી

રાજકોટ, તા. ૧૭

જીવલેણ અકસ્માતનો કરૂણ સિલસિલો યથાવત રહ્યો હતો. જીલ્લાના શાપર પાસેના ગુંદાસરા ગામ નજીક રોડરોલરની ટક્કર એક મોટરસાઇકલને લાગી જતાં તેના પર બેઠેલા રાજકોટ નવાગામના બે લવરમુછીયા મિત્રોના કમકમાટી ભર્યા મોત થયા હતાં. બંને કોમ્પ્યુટર ક્લાસીસ પુરા કરી શાપરથી નવાગામ ઘરે જવાન નીકળ્યા હતાં પરંતુ રસ્તામાં કાળનો ભેટો થઇ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો કુવાડવા રોડ પરના નવાગામ આણંદપરમાં રહેતાં જતીન છગનભાઇ સરવૈયા અને બળદેવ ખોડુભાઇ સેજાણી નામના બંને મોટર સાઇકલમાં બેસી શાપરથી નવાગામ આવી રહ્યા હતાં ત્યારે રસ્તામાં ગુંદાસરા નજીક રોડરોલરની ટક્કર બાઇકને લાગી જતાં બંને રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજાઓ થઇ હતી. બનાવને પગલે મોટી સંખ્યામાં લોકો ભેગા થઇ ગયા હતાં. કોઇએ જાણ કરતાં ૧૦૮ પહોંચી હતી. બંનેને ગંભીર ઇજાઓ સાથે બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.




પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યાનું તબિબે જાહેર કર્યુ હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે શાપર પોલીસને જાણ કરી હતી. આ બંને મૃતક મિત્રોની ઉમર અઢાર-અઢાર વર્ષની હતી. કરૂણ બનાવની જાણ થતાં બંને મૃતકના સગા પરિવારજનો પણ હોસ્પિટલે દોડી આવ્યા હતાં. દિકરાઓના મૃતદેહ જોઇ આક્રંદ કરી મુકતાં ગમગીની વ્યાપી ગઇ હતી. વધુ માહિતી મુજબ મૃત્યુ પામનાર જતીન સરવૈયા બે ભાઇ અને એક બહેનમાં મોટો હતો. તેના પિતા હયાત ન હોઇ તે પરિવારનો આધારસ્તંભ હતો. જ્યારે તેનો મિત્ર બળદેવ બે ભાઇ અને બે બહેનમાં બીજો હતો. તેના પિતા ખેત મજુરી કરે છે.

આ બંને મિત્રોએ ધોરણ-૧૨ પાસ કર્યા બાદ હાલ શાપર વેરાવળ ખાતે કોમ્પ્યુટર ક્લાસીસમાં જતાં હતાં. સવારે ૯થી ૧૨નો ત્યાંનો સમય હોઇ ક્લાસીસ પુરા થયા બાદ બંને હોન્ડા પર નવાગામ ઘરે આવવા નીકળ્યા ત્યારે રસ્તામાં આ કરૂણ ઘટના બની હતી.

બે પરિવારે આશાસ્પદ દિકરા ગુમાવતાં સ્વજનોમાં, ગામમાં ગમગીની વ્યાપી ગઇ હતી. શાપર પોલીસે આ અકસ્માત કઇ રીતે સર્જાયો તેની વિશેષ તપાસ હાથ ધરી હતી.

### પીડીયુ સિવિલ હોસ્પિટલ ખાતે વધુ પાંચ ઘટનામાં પાંચ લોકોએ લીધા અંતિમ શ્વાસ

# દેવપરાના વૃધ્ધને અકસ્માત નડ્યો ને જિંદગીની સફર ખતમ

## મોટરસાઇકલ હંકારી બેડી ચોકડી તરફ જતાં હતાં ત્યારે બનાવઃ બીજી ઘટનામાં બાવીસ વર્ષના યુવાનને પેટમાં દુઃખાવો ઉપડ્યા બાદ અને એક યુવાન તથા વૃધ્ધના બેભાન હાલતમાં મોતઃ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં પણ એક યુવાન બેભાન થયા બાદ ગુમાવ્યો જીવ

રાજકોટ, તા. ૧૭

શહેરમાં અને શહેરની ભાગોળે રોજબરોજ સર્જાતા વાહન અકસ્માતના બનાવોમાં લોકોને કાં તો નાની મોટી ઇજા થાય છે અને કાં તો તેમના મૃત્યુ નીપજે છે. વધુ એક પરિવારે વાહન અકસ્માતની ઘાતમાં પોતાના મોભી ગુમાવી દીધા હતાં. એડીબી હોટેલથી બેડી ચોકડી વચ્ચેના રસ્તા પર મોટરસાઇકલને અકસ્માત નડતાં તેના ચાલક દેવપરામાં રહેતાં વૃધ્ધનું ગંભીર ઇજા થવાથી મોત થયું હતું. અન્ય અપમૃત્યુની ઘટનામાં એક બાવીસ વર્ષના યુવાનને પેટમાં દુઃખાવો ઉપડ્યા બાદ, ચાલીસ વર્ષના યુવાનનું બેભાન થઇ ગયા બાદ અને પાંસઠ વર્ષના વૃધ્ધનું પણ બેભાન થઇ જવાથી મૃત્યુ થયું હતું. તો સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં પણ એક અજાણ્યો યુવાન બેભાન થઇ ગયા બાદ મોત થયું હતું.પ્ર થમ ઘટના પર નજર કરીએ તો વાહન અકસ્માતના અવાર-નવાર બની રહેલા બનાવોમાં વધુ એક જીવલેણ અકસ્માતનો ઉમેરો થઇ ગયો હતો. બેડી ચોકડીથી એડીબી હોટેલ વચ્ચેના પૂલ પર બાઇક અકસ્માતમાં દેવપરામાં રહેતાં બોંતેર વર્ષના વૃધ્ધને ગંભીર ઇજા થવાથી તેમની જિંદગીની સફરનો કરૂણ અંત આવી ગયો હતો. વિશેષ માહિતી અનુસાર કોઠારીયા રોડ પર દેવપરા શેરી નં. ૩માં રહેતાં કરસનભાઇ વેલજીભાઇ વેગડ નામના બોંતેર વર્ષના કડીયા વૃધ્ધ સાંજે પોતાનું બાઇક હંકારીને માધાપર ચોકડીથી આગળ એડીબી હોટેલથી બેડી ચોકડી વચ્ચેના પૂલ પરથી પસાર થઇ રહ્યા હતાં ત્યારે અકસ્માત નડતાં ગંભીર ઇજાઓ થઇ હતી. આ બનાવને પગલે લોકો એકઠા થઇ જતાં કોઇએ ૧૦૮ બોલાવી હતી અને તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. જો કે ટુંકી



સારવાર બાદ કરસનભાઇએ અંતિમ શ્વાસ લીધા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગાંધીગ્રામ પોલીસે હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી હતી. મૃતકના સગા સ્વજનોને જાણ થતાં તેઓ હોસ્પિટલે પહોંચ્યા હતાં. કરસનભાઇ ત્રણ ભાઇ અને અકે બહેનમાં નાના હતાં અને નિવૃત જીવન જીવતા હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. સાંજે પોતાનું હોન્ડા સીડી ડીલક્સ હંકારી કોઇ કામ સબબ બેડી ચોકડી તરફ જતાં હતાં ત્યારે રસ્તામાં અકસ્માત નડ્યો હતો. બાઇક સ્લીપ થયું કે કોઇ વાહને ઠોકર મારી દીધી? તે અંગે પરિવારજનો અજાણ હોઇ પોલીસે તપાસ હાથ ધરી છે. મોભીના મૃત્યુથી વેગડ પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.બીજી એક ઘટના જોઇએ ત ગોંડલમાં પીપળીયા ગામે બ્લુ સ્ટાર કંપની પાસે રહેતો અને ફેક્ટરીમાં નોકરી કરતો બાવીસ વર્ષનો યુવાન બુધ્ધીરામ કાલીદાસભાઇ સોરેન ઘરે હતો ત્યારે પેટમાં દુઃખાવો ઉપડ્યા બાદ તબિયત બગડતાં ગોંડલ હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને કરી હતી. બુધ્ધીરામ ત્રણ ભાઇમાં વચેટ હતો. તેના પરિવારજનો આસામ રહે છે. સાથી કર્મચારીના કહેવા મુજબ અચાનક બુધ્ધીરામને પેટમાં દુઃખાવો ઉપડ્યા બાદ તબિયત બગડી હતી અને બાદમાં મૃત્યુ થયું હતું. ગોંડલ તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. ત્રીજા અપમૃત્યુના બનાવમાં રાજકોટ દોઢસો ફુટ રીંગ રોડ ફોર્ચ્યુન હોટેલ પાછળ સરસ્વતિનગર-૮માં રહેતાં હિમતભાઇ મોહનભાઇ સોલંકી નામના ચાલીસ વર્ષના યુવાન સાંજે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર હેમતભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાના તથા અપરિણીત હતાં. તેને આંચકીની તકલીફ હોઇ કામ કરી શકતાં નહોતાં. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જ્યારે ચોથા બનાવમાં ગોંડલ રોડ પર આવેલા સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં પાંસઠ વર્ષના અજયભાઇ કિશોરભાઇ અવલાણી નામના વૃધ્ધ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. પરંતુ મૃત્યુ થયું હતું. માલવીયાનગર પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી. તેમજ પાંચમા બનાવમાં સિવિલ હોસ્પિટલના ઇમર્જન્સી રૂમ નજીક ઇલેક્ટ્રીક રૂમ પાસે અજાણ્યો આશરે ત્રીસ વર્ષનો યુવાન બેભાન પડ્યો હોઇ સારવાર માટે દાખલ કરાયો હતો. તેનું મૃત્યુ થતાં પ્રદ્યુમનનગર પોલીસે કાર્યવાહી કરી હતી. આમ પાંચ અલગ અલગ ઘટનામાં પાંચ લોકોની જિંદગીની સફરનો અલગ અલગ રીતે અંત આવી ગયો હતો.

### નાની નાની વાતને મોટુ સ્વરૂપ આપી દેવાયુંઃ બટાઝટીની વધુ ચાર ઘટનામાં લોકો લોહીલુહાણ થયા

# સેન્ટીંગ કામ- કૂતરા બાબતે ડખ્ખોઃ એકને નેણમાં, બીજાને પગમાં ફ્રેકચર

## યુવાને સાથે કામે જવાની ના પાડતાં પાડોશીએ માથુ પકડી ભીંતમાં ભટકાવતાં નેણ ઉપર ફ્રેકચર આવ્યુંઃ બીજા બનાવમાં કૂતરૂ રૂમમાં ઘુસી જવા મામલે પાડોશીને ઠપકો દેતાં યુવાનનો પગ ભાંગી નખાયોઃ અન્ય બનાવમાં ગાળો બોલવા મામલે અને મિત્રની ભેગો ન જવા બાબતે ધોકાવાળી થઇઃ તમામને ખસેડાયા રાજકોટની સિવિલ હોસ્પિટલમાં

રાજકોટ, તા. ૧૭

ઠેકઠેકાણે લોકો નાની મોટી વાતે ઉકળી ઉઠીને એક બીજા પર તૂટી પડતાં હોય છે. રોજેરોજ આવી મારામારીની ઘટનાઓ બનતી રહે છે. અમુકમાં ઘરમેળે ઘીના ઠામમાં ઘી પાડી દઇ સમાધાન કરી લેવાય છે, તો અમુક કિસ્સામાં વાત પોલીસ સુધી પહોંચતા એફઆઇઆર દાખલ થાય છે. વધુ આવા કિસ્સા સામે આવ્યા છે જેમાં એક બનાવમાં પૈસા મામલે ચડભડ થતાં યુવાને પોતે જેની સાથે સેન્ટીંગ કામ કરતો હતો તેની સાથે કામે જવાનું બંધ કરી દેતાં ખાર રાખી તેને પકડીને માર મારી માથું દિવાલ, જમીનમાં ભટકાવાતાં નેણ ઉપર ફ્રેકચર થઇ ગયું હતું. બીજા બનાવમાં કૂતરૂ રૂમમાં ઘુસી જવા મામલે એક યુવાનની ધોલાઇ થઇ હતી. જેમાં તેનો પગ ભાંગી ગયો હતો. અન્ય બે બનાવમાં ગાળો બોલવા મામલે અને મિત્ર સાથે તેના સાસરીયામાં ભેળા ન જવા મામલે ધોકાવાળી થઇ હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો મોરબી તાલુકાના બેલા આમરણ ગામે પૈસાની લેતી દેતી અને સેન્ટીંગ કામ કરવા સાથે ન જવા મામલે યુવાન પર પાડોશમાં જ રહેતાં શખ્સે હુમલો કરી ઢીકાપાટુનો માર મારી તેનું માથું જમીનમાં અને દિવાલ સાથે ભટકાવી ઇજાઓ પહોંચાડતાં જમણા નેણ પાસે ફ્રેકચર થઇ જતાં સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. બેલા આમરણ ગામે રહેતાં અને સેન્ટીંગ કામની મજૂરી કરી ગુજરાન ચલાવતાં પચ્ચીસ વર્ષના આરીફ હાજીભાઇ જામ નામના યુવાનને તેના ઘર પાસે જ રહેતાં ઈકબાલ ઉમરભાઇ જામ નામના શખ્સે બેફામ માર મારતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી તાલુકા પોલીસમાં જાણ કરી હતી. ફરિયાદની વિગત મુજબ ૧૫મીએ રાત્રિના આશરે દસેક વાગ્યે આરીફ પોતાના મિત્રો સાથે ગામની શેરીમાં લગ્નનો પ્રસંગ હોવાથી જમીને બેઠો હતો.





તમામ મિત્રો વાતોચીતો કરી રહ્યા હતા તે દરમિયાન રાત્રિના અગિયાર વાગ્યાની આસપાસ ગામનો જ ઈકબાલ ઉમરભાઈ જામ નામનો શખ્સ ત્યાં ધસી આવ્યો હતો. ઈકબાલે ત્યાં આવીને આરીફને ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું અને 'તું કેમ મારી સાથે કામે નથી આવતો?' તેમ કહીને ઝઘડો આદર્યો હતો. આરીફે ગાળો બોલવાની ના પાડતા ઈકબાલ વધુ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને આરીફના શર્ટનો કાઠલો પકડીને બેફામ ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો. ત્યાર બાદ ઈકબાલે વાળ પકડી આરીફને નીચે પાડી દીધો હતો. ત્યારબાદ માથું જમીન સાથે અને બાજુમાં આવેલી દીવાલ સાથે જોરજોરથી ભટકાવતાં તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તે બેભાન થઇ ગયો હતો. બનાવ બનતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. યુવકના મોટા ભાઈ અને માતા તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જઈ રહ્યા હતા ત્યારે અધવચ્ચે આરીફ થોડો ભાનમાં આવ્યો હતો. ત્યારે તેણે કહ્યું હતું કે થોડા વર્ષો પહેલાં પોતે ઈકબાલ સાથે સેન્ટિંગના કામે જતો હતો. તે સમયે મજૂરીના પૈસા બાબતે બંને વચ્ચે વાંધો પડ્યો હતો, જેથી તેણે તેની સાથે કામે જવાનું બંધ કરી દીધું હતું. આ બાબતની દાઝ રાખીને ઈકબાલે હુમલો કર્યો હતો. તેને મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં મોરબી તાલુકા પોલીસ સ્ટેશનનાહેડકોન્સ. અનીલભાઇ પરમારે ફરિયાદ દાખલ કરી હતી.

બીજી મારામારીની ઘટના જોઇએ તો શાપર વેરાવળ સર્વોદય સોસાયટીમાં રહેતો પચ્ચીસ વર્ષનો અનિલ કમલાભાઇ પાસવાન વાત કરી રહ્યો હતો ત્યારે અચાનક બાજુમાં રહેતાં ગુજરાતના શખ્સે આવી ધોકાથી માર મારતાં પગમાં ગંભીર ઈજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં શાપર પોલીસને હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરી હતી. અનિલે કહ્યું હતું કે હું મુળ બિહારનો વતની છું અને શાપર રહી સેન્ટીંગ કામ કરૂ છું. મારી બાજુમાં એક ગુજરાતી શખ્સ અને ઉપરના માળે બંગાળી શખ્સ રહે છે.

ત્યારબા રાતે ગુજરાતી શખ્સે ફળીયાની ડેલી ખુલ્લી રાખીને સુઇ ગયો હોઇ કુતરૂ આવીને બંગાળી શખ્સના રૂમમાં ઘુસી ગયું હતું અને ભોજનમાં મોઢુ નાંખી દીધુ હતું. આ બાબતે આ બંને શખ્સો વચ્ચે ઝઘડો થતાં હું તેની વચ્ચે પડ્યો હતો અને મેં પણ ગુજરાતી શખ્સને દરવાજો રાતે બંધ કરી દેવા બાબતે સમજાવ્યો હતો. રાતે મામલો શાંત પડી ગયો હતો પણ બીજા દિવસે ગુજરાતી શખ્સ ખાર રાખી અચાનક ધોકા સાથે આવ્યો હતો અને હુમલો કર્યો હતો. પોતાને ડાબા પગમાં ફ્રેકચર થઇ ગયાનું અનિલે કહ્યું હતું. પોલીસે આ ખરેખર શું બન્યું તેની તપાસ આદરી હતી.

ત્રીજા બનાવમાં વાંકાનેરમાં રેલ્વે સ્ટેશન નજીક રહેતાં પચ્ચીસ વર્ષના હરેશ વલ્લભભાઇ વાઘેલાને ગામના રેલ્વે સ્ટેશનની ફૂટપાથ પાસે ઉભો હતો ત્યારે અલી અને અકબર નામના શખ્સોએ ધોકા અને ઢીકાપાટુનો બેફામ માર મારતાં વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર સીટી પોલીસને જાણ કરી હતી. હરેશના કહેવા મુજબ પોતે ત્રણ બહેન અને ચાર ભાઇમાં નનો અને કુંવારો છે. પોતે પતરા ચડાવવાની મજુરી કરી ગુજરાન ચલાવે છે. સાંજે રેલ્વે સ્ટેશન પાસે .ભો હતો ત્યારે અલી અને અકબર ગાળો દેતાં હોઇ તેને ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાઇ જઇ હુમલો કરી ધોકાવાળી કરી હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

ચોથી બાકાઝીકીની વિગતો જોઇએ તો જામનગર રોડ પર પરા પીપળીયામાં બસ સ્ટેશન પાસે રહેતો અને વાંસની ચીજવસ્તુ બનાવવાનું કામ કરતો અઠ્ઠાવીસ વર્ષનો વિપુલ સવજીભાઇ કનાણી-મારવાડી નામના યુવાનને સાંજે ઘર નજીક બસ સ્ટોપ પાસે હતો ત્યારે તેના મિત્ર જીતુએ ઝઘડો કરી માથામાં ધોકાના ઘા મારી લેતાં લોહીલુહાણ થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. વિપુલે જણાવ્યું હતું કે હું વાંસ કામની મજુરી કરી ગુજરાન ચલાવુ છું. સાંજે ઘરે હતો ત્યારે મિત્ર જીતુ બોલાવવા આવ્યો હતો અને રોડ પર બસ સ્ટોપ પાસે લઇ ગયો હતો. તેની પત્નિ ઘંટેશ્વર ૨૫ વારીયામાં રીસામણે હોઇ તેને ત્યાં સાસરીયામાં વાત કરવા જવું હોઇ મને સાથે આવવાનું કહેતાં મેં તેને ના પાડતાં ઉશ્કેરાઇ ગયો હતો અને ધોકાથી હુમલો કરી ભાગી ગયો હતો. પોલીસે આ મામલે નિવેદન નોંધવા કાર્યવાહી કરી હતી. આમ નાની મોટી વાતે ધોકાવાળી કરવાની ચાર ઘટના બની હતી. આ ચારેયને રાજકોટ સિવિલ હોસ્પિટલના ખાટલે કણસતી હાલતમાં પહોંચાડાયા હતાં.

### કોઠારીયા ચોકડી રામનગરમાં બે ભાઇઓ સવારે સોફાનું કારખાનુ ખોલીને બેઠા ત્યાં જ આગ ભભૂકી

# આગથી બચવા બાથરૂમમાં ગયેલા યુવાનનું મોત

રાજકોટ, તા. ૧૭

શહેરમાં એક કરૂણ ઘટનામાં કારખાનેદાર યુવાનનું મોત થયું હતું. કોઠારીયા રોડ ચોકડી નજીક રામનગરમાં આવેલા સોફા બનાવવાના કારખાનામાં સવારે એકાએક આગ ભભૂકી ઉઠતાં અંદર રહેલા બે ભાઇઓ બચવા માટે બહાર ભાગતાં હતાં ત્યારે ઉપરથી પાટીયું પડતાં નાનો ભાઇ બહાર નીકળી જતાં અને મોટો ભાઇ બચવા માટે બાથરૂમમાં ગયા બાદ આગ વધુ વિકરાળ બની જતાં બાથરૂમમાંથી મોટા ભાઇ બહાર ન નીકળી શકતાં ગુંગળાઇ જવાથી મૃત્યુ થયું હતું. આગને કારણે કારખાનામાં પણ મોટી નુકસાની થઇ હતી.

વિગતો જોઇએ તો કોઠારીયા ચોકડી પાસે બાપા સિતારામ ચોકમાં આવેલી શ્રધ્ધા સોસાયટીમાં રહેતાં પાંત્રીસ વર્ષના ચેતનભાઇ ગોવિંદભાઇ શેલડીયા નામના પટેલ યુવાન કોઠારીયા ચોકડીએ રામનગર-૧માં આવેલા ઉત્તમ સોફા નામના કારખાને હતાં ત્યારે કારખાનામાં આગ ભભૂકતાં ગુંગળાઇ જતાં બેભાન હાલતમાં ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિં તબિબે તેમને મૃત જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને કરી હતી. આગ લાગ્યાની જાણ થતાં ફાયર





બંને ભાઈઓ બહાર ભાગતા હતાં ત્યારે ઉપરથી પાટીયુ પડ્યુંઃ નાનો ભાઈ આગળ નીકળી ગયો, મોટા ભાઈ બાથરૂમમાં ગયા પછી આગ વધી જતાં બહાર ન નીકળી શક્યા

બ્રિગેડની ટીમ અને ૧૦૮ની ટીમ પહોંચી ગયા હતાં. ફાયર બ્રિગેડના જવાનોએ કારખાના અંદર આવેલા બાથરૂમમાંથી ચેતનભાઇ શેલડીયાને બેભાન હાલતમાં બહાર કાઢ્યા હતાં અને સારવાર માટે ખસેડ્યા હતાં. જો કે હોસ્પિટલમાં તેમને તબિબે મૃત જાહેર કર્યા હતાં. વધુ વિગત મુજબ મૃત્યુ પામનાર ચેતનભાઇ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. તેમને સંતાનમાં એક દિકરો છે. પોતે રામનગરમાં બનેવી દેવેન્દ્રભાઇ કાકડીયા સાથે ભાગીદારીમાં ઉત્તમ સોફા નામે કારખાનુ ચલાવતાં હતાં. સવારે તેઓ અને તેના નાના ભાઇ શુભમ્‌ભાઇ શેલડીયા કારખાને આવ્યા હતાં.

હજુ કારીગરો કે ભાગીદાર દેવેન્દ્રભાઇ આવ્યા નહોતાં. આ દરમિયાન એકાએક કારખાનામાં આગ ભભૂકી ઉઠતાં ધુમાડાના ગોટેગોટા નીકળવા માંડતા બંને ભાઇઓ બચવા માટે બહાર ભાગવા માંડ્યા હતાં. આ વખતે જ ઉપરથી એક પાટીયુ પડતાં તેનાથી બચવા ચેતનભાઇ બાજુમાં જ બાથરૂમમાં હોઇ તેમાં ગયા હતાં. જ્યારે શુભમ્‌ભાઇ બહાર નીકળી ગયા હતાં. આ દરમિયાન આગ વધુ ભભૂકતાં બાથરૂમમાં ગયેલા ચેતનભાઇ બહાર નીકળી શક્યા નહોતાં. ફાયર બ્રિગેડની ટીમે પહોંચી આગ કાબુમાં લીધી હતી અને બાથરૂમમાંથી ચેતનભાઈને બેભાન હાલતમાં બહાર કાઢી હોસ્પિટલે ખસેડ્યા હતાં.

પરંતુ અહિ મૃત જાહેર કરાયા હતાં. બાથરૂમમાં ધૂમાડો ભરાઇ જતાં તેઓનુ ગુંગળાઇ જવાથી મૃત્યુ થયાનું તારણ નીકળ્યું હતું. યુવાન આધારસ્તંભના મૃત્યુથી શેલડીયા પરિવારમાં શોક છવાઇ ગયો છે. આગને કારણે કારખાનામાં પણ મોટી નુકસાની થઇ છે. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એચ. એન. પટેલ સહિતનો ર્સ્ટાફ પહોંચ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરવા સ્ટાફને સુચના આપી હતી. આ બનાવમાં મૃતકના સ્વજનોએ ફાયર બ્રિગેડ મોડુ પહોંચ્યાની અને કારખાનામાં વારે વારે વિજળીના ફોલ્ટ સર્જાતા હોવાના આક્ષેપો પણ કર્યા હતાં.

# કિસાનપરામાંથી સોળ વર્ષનો સગીર હમણા આવું કહીને ગાયબઃ અપહરણનો ગુનો

## પરિવારજનો આકુળવ્યાકુળઃ એ-ડિવીઝન પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી

રાજકોટ, તા. ૧૭

સગીર કે સગીરા ગૂમ થવાના કિસ્સામાં પોલીસને નિયમઅનુસાર તુરત જ અપહરણનો ગુનો નોંધી કાર્યવાહી કરવાની હોય છે. દરમિયાન શહેરનાસોળ વર્ષનો એક સગીર તેના માતાનો મોબાઇલ ફોન લઇને ઘરેથી નીકળી ગયા બાદ ગૂમ થઇ જતાં અને તેને માતાએ ફોન કરતાં પાંચ મિનીટમાં આવું છું કહીને ગયા બાદ પાછો જ ન આવતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.વિગતો જોઇએ તો આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે કિસાનપરા સોસાયટી-૯ ડમરી બાગ કેપીટલ હોટેલ પાછળ રહેતાં ચાલીસ વર્ષના ગેરેજ સંચાલક ઇમરાનભાઇ ફતેમહમદભાઇ પઢીયારની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ઇમરાનભાઇ પઢીયાર પરિવાર સાથે રહે છે અને ગેરેજમાં કામ કરી ગુજરાન ચલાવે છે. ફરિયાદની વિગત મુજબ તા. ૧૩/૭ના રોજ બપોરના આશરે એકાદ વાગ્યે તેનો પુત્ર જુનેદ જે સોળ વર્ષનો છે તે પોતાના પરિવાર સાથે ઘરે જમવા બેઠો હતો. જમ્યા બાદ તેણે તેની માતા પાસેથી મોબાઈલ ફોન માંગ્યો હતો. થોડીવાર મોબાઈલ વાપર્યા બાદ તેણે પરત આપી દીધો હતો.પરંતુ ફરીથી મોબાઈલ માંગીને તે ઘરની બહાર નીકળી ગયો હતો. અડધો કલાક સુધી તે ઘરે પરત ન ફરતાં ચિંતાતુર બનેલી માતાએ તેના મોબાઈલ પર સંપર્ક કર્યો હતો. ત્યારે તેણે મમ્મી, હું પાંચેક મિનિટમાં ઘરે આવું છું. પણ આ વાતચીત બાદ તુરંત જ તેનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ થઈ ગયો હતો. ફોન બંધ આવતા અને મોડે સુધી ઘરે ન પહોંચતા ગભરાયેલા માતા-પિતાએ આજુબાજુના વિસ્તારમાં તેમજ રાજકોટમાં રહેતા તમામ સગા-સંબંધીઓને ત્યાં તપાસ કરી હતી, પરંતુ તેની કોઈ ભાળ મળી નહોતી. દરમિયાન, ઘરની નજીક આવેલી હોટેલના સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવ્યા હતા. જેમાં ગુમ થયેલ કિશોર બપોરના બે વાગ્યાની આસપાસ ઘર તરફથી બાલભવન તરફ એકલો ચાલીને જતો નજરે પડ્યો હતો. પરિવારજનોએ પોતાની રીતે શોધખોળ કર્યા બાદ એ-ડિવીઝન પોલીસમાં જાણ કરતાં ઇન્સ. જે. વી. વાઢીયાના માર્ગદર્શનમાં હેડકોન્સ. પી. જી. ઝાલાએ આ સગીરના પિતાની ફરિયાદ પરથી અપહરણનો ગુનો નોંધ્યો હતો. વધુ તપાસ પીએસઆઇ એસ. આર. ચાવડાએ હાથ ધરી હતી.

### વર્ષે બાર ટકા અને દર મહિને ચાર હજાર પેન્શન મળશે એવી લાલચ આપી લપેટ્યા

# વૃધ્ધ દંપતિને ભોળવી મંડળી સંચાલકો લાખો ખાઇ ગયા

## રૈયા રોડ પર એકદંત મંડળી ચલાવતાં નિલેષ અને પૂનમગૌરી વિરૂધ્ધ વૃધ્ધની ગાંધીગ્રામ પોલીસમાં એફઆઇઆરઃ ફરિયાદ દાખલ કરાવવા માટે કોર્ટનો સહારો લેવો પડ્યો




રાજકોટ, તા. ૧૭

રોકાણ કરવા પર વળતર આપવાના નામે છેતરપીંડીની સતત વધી ગયેલી ઘટનાઓ વચ્ચે વધુ એક આવો કિસ્સો રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. જેમાં એક વયોવૃધ્ધ દંપતિની મરણમુડી સમાન લાખો રૂપિયાની રકમ રૈયા રોડ પર સહકારી મંડળી ચલાવતાં બે સંચાલકો ખાઇ ગયા છે. રોકાણ પર વર્ષે બાર ટકા જેવુ વ્યાજ અને દર મહિને પેન્શન રૂપે ચાર હજાર રૂપિયા મળશે તેવી લાલચ આપીને બંને સંચાલકોએ વૃધ્ધ દંપતિ પાસેથી ચાર લાખ લીધા હતાં. શરૂઆતમાં વળતર આપ્યું હતું. પરંતુ બાદમાં વળતર, પેન્શન આપવાનું બંધ કરી દેવામાં આવતાં વૃધ્ધ દંપતિએ પોતાની રકમ પાછી માંગતા આ બંનેએ રકમ આપી નહોતી. અંતે દંપતિએ કોર્ટની મદદ લઇ ગાંધીગ્રામ પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરના રૈયા રોડ પર આવેલી એકદંત શરાફી સહકારી મંડળી લિમિટેડના સંચાલકો દ્વારા વયોવૃધ્ધ અને નિઃસંતાન દંપતીને ચા વ્યાજની અને પેન્શનની લાલચ આપી રૂપિયા પાંચ લાખ બાર હજારની છેતરપિંડી આચરવામાં આવતાં આ મામલે કોર્ટમાં ફરિયાદ દાખલ કરાવાતાં કોર્ટના આદેશથી ગાંધીગ્રામ પોલીસે રૈયા રોડ પર મંડળી ચલાવતાં અને હનુમાન મઢી પાસે અલ્કાપુરીમાં રહેતાં બે શખ્સ સામે કાવત્રુ ઘડી ઠગાઇ કરવાનો ગુનો દાખલ કર્યો હતો.

વિશેષ માહિતી અનુસાર આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે અયોધ્યા ચોક ઓસ્કાર સ્કાય પાર્ટ બિલ્ડીંગ નં. ૨, ૭૦૨ ખાતે રહેતાં રમેશભાઇ કેશવજીભાઇ સોલંકી નામના પાંસઠ વર્ષના વૃધ્ધની ફરિયાદ પરથી રૈયા રોડ હનુમાન મઢી નજીક અલ્કાપુરી-પમાં શ્રીજી કૃપા ખાતે રહેતાં એકદંત શરાફી મંડળીના સંચાલક નિલેષ રજનીકાંતભાઇ જોષી અને પૂનમગૌરી મહેશભાઇ ઠાકર વિરૂધ્ધ કાવત્રુ ઘડી રૂપિયાના રોકાણ પર ૧૨ ટકા વાર્ષિક લેખે મહિને ૪૦૦૦ પેન્શન રૂપે આપવાની લાલચ દઇ રૂા. ૫,૧૨,૦૦૦ની ઠગાઇ કરવા મામલે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

આ ફ્રોડની ફરિયાદની વિગત મુજબ એકદંત શરાફી મંડળીની ઓફિસ રૈયા રોડ સદ્‌ગુરૂ તિર્થધામ ઓફિસ નં. ૩૬માં કાર્યરત હતી. વૃધ્ધ રમેશભાઈ કેશવજીભાઈ સોલંકીએ ફરિયાદમાં જણાવ્યું છે કે ઓક્ટોબર-૨૦૨૨ દરમિયાન અલગ-અલગ એફ.ડી. સ્વરૂપે રમેશભાઈ અને તેમના પત્નિ અરૂણાબેને કુલ રૂ. ૪,૦૦,૦૦૦નું રોકાણ કર્યું હતું. આ સંચાલકોએ રોકાણ પર વાર્ષિક ૧૨ ટકા અને દર મહિને રૂા. ૪૦૦૦ પેન્શન પેટે મળશે તેવી લાલચ આપી હતી. શરૂઆતમાં નિયમિત રકમ ચુકવ્યા બાદ માર્ચ-૨૦૨૪થી સંચાલકોએ પેન્શન કે વ્યાજની રકમ ચુકવવાનું બંધ કરી દીધુ હતું. સંચાલકોએ માર્ચ-૨૦૨૪થી જુલાઈ-૨૦૨૬ સુધીના કુલ ૨૮ મહિનાના પેન્શન પેટે થતા રૂ. ૧,૧૨,૦૦૦ તેમજ મુળ રોકાણના રૂ. ૪,૦૦,૦૦૦ મળીને કુલ રૂ. ૫,૧૨,૦૦૦ની રકમ પરત ન કરી આ વૃદ્ધ દંપતિ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી.

દંપતિએ પોતાની મેડિકલ અને ઘરખર્ચની જરૂરિયાત માટે અવારનવાર મૌખિક રજૂઆતો કરવા છતાં સંચાલકોએ ખોટા વાયદાઓ આપવાનું ચાલુ રાખ્યું હતું. આ પછી ભોગ બનનાર દંપતીએ આ બાબતે ગત એપ્રિલ માસમાં પોલીસ કમિશનર કચેરી ખાતે અરજી કરી હતી, જે ગાંધીગ્રામ પોલીસ મથકે રવાના થઈ હતી. પણ પોલીસે તેને સિવિલ મેટર ગણાવી કોર્ટ દ્વારા કાર્યવાહી કરવા સમજ કરી હતી.

આ પછી વયોવૃદ્ધ દંપતીએ રાજકોટના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. કોર્ટના આદેશ બાદ આખરે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધ્યો છે. ગાંધીગ્રમા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એચ. પી. ગઢવીના માર્ગદર્શનમાં ફરિયાદ દાખલ થતાં પીએસઆઇ ડી. જે. જોષીએ વિશેષ તપાસ શરૂ કરી હતી.

# ડમી એડમિશન કૌભાંડમાં રાજ્યભરના DEOને તપાસના આદેશ

## જસદણના આલ્ફા ક્લાસિસના ડમી રેકેટનો પર્દાફાશ થયા બાદ શિક્ષણ વિભાગ એક્શન મોડમાં; તપાસનો ધમધમાટ તેજ થતાં કૌભાંડીઓમાં ફફડાટ




રાજકોટ, તા. ૧૭

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાંથી બહાર આવેલા નવોદય સ્કૂલના ડમી એડમિશન રેકેટના કારણે શિક્ષણ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. જસદણના આલ્ફા ક્લાસિસ દ્વારા આચરવામાં આવેલા આ મસમોટા કૌભાંડનો પર્દાફાશ થયા બાદ હવે રાજ્ય સરકાર પણ એક્શન મોડમાં આવી ગઈ છે. આ મામલાની ગંભીરતાને ધ્યાને રાખીને સરકારે તાત્કાલિક અસરથી સફાળી જાગીને કડક પગલાં ભરવાની શરૂઆત કરી દીધી છે, જેના ભાગરૂપે રાજ્યભરના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ (ઉઊઘ) ને આ મામલે સઘન અને તટસ્થ તપાસ કરવાના કડક આદેશો જારી કરી દેવામાં આવ્યા છે.

ઘટનાની વિગતો મુજબ, જસદણના આલ્ફા ક્લાસિસ દ્વારા નવોદય વિદ્યાલયની પ્રવેશ પરીક્ષાઓમાં ગેરરીતિ આચરીને ડમી એડમિશન કરાવવાનું નેટવર્ક ચલાવવામાં આવતું હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આ સમાચાર વાયુવેગે પ્રસરતા જ શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યું છે. શિક્ષણ મંત્રી અને ઉચ્ચ અધિકારીઓની સૂચના બાદ હવે તપાસનો ધમધમાટ અત્યંત તેજ કરી દેવામાં આવ્યો છે. સરકાર દ્વારા તમામ જિલ્લાના ઉઊઘ ને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે તેઓ પોતાના વિસ્તારમાં આવતી નવોદય શાળાઓ અને ખાનગી ટ્યુશન ક્લાસિસના રેકોર્ડની ઝીણવટભરી તપાસ કરે, જેથી આ રેકેટના તાર ક્યાં-ક્યાં જોડાયેલા છે તે જાણી શકાય.

આ ડમી એડમિશન રેકેટ માત્ર કોઈ એક તાલુકા કે જિલ્લા પૂરતું સીમિત નથી પરંતુ તેનું નેટવર્ક ઘણું મોટું હોવાની આશંકા સેવાઈ રહી છે. હોંશિયાર અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓનો હક છીનવીને ખોટી રીતે એડમિશન મેળવી આપતા આવા તત્વો સામે દાખલારૂપ કડક કાનૂની અને વહીવટી પગલાં લેવા માટે તંત્ર સજ્જ બન્યું છે. આગામી દિવસોમાં આલ્ફા ક્લાસિસના સંચાલકોની પૂછપરછ અને શાળાના દસ્તાવેજોની ચકાસણી બાદ આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય મોટા માથાઓ અને શાળાઓના નામ પણ બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતાઓ દેખાઈ રહી છે. હાલ તો સરકારના આ આકરા વલણને પગલે કૌભાંડીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

### તાર ક્યાં સુધી જોડાયેલા છે? તપાસનો ધમધમાટ

શિક્ષણ વિભાગના ઉચ્ચ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ડમી એડમિશન રેકેટ માત્ર કોઈ એક તાલુકા કે જિલ્લા પૂરતું સીમિત નથી, પરંતુ તેનું નેટવર્ક ઘણું મોટું અને આંતર-જિલ્લા સ્તરે ફેલાયેલું હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. હોંશિયાર, ગરીબ અને ખરેખર જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓનો હક છીનવીને ખોટી રીતે એડમિશન મેળવી આપતા આવા તત્વો સામે દાખલારૂપ કાનૂની અને વહીવટી પગલાં લેવા માટે તંત્રએ કમર કસી લીધી છે. આગામી દિવસોમાં આલ્ફા ક્લાસિસના સંચાલકોની કડક પૂછપરછ અને શાળાના જપ્ત કરાયેલા દસ્તાવેજોની ફોરેન્સિક ચકાસણી બાદ આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય મોટા માથાઓ, એજન્ટો અને કેટલીક શાળાઓના જવાબદાર સત્તાધીશોના નામ પણ બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતાઓ છે. હાલ તો સરકારના આ આકરા વલણને પગલે કૌભાંડી તત્વો અને ડમી એડમિશનના સેટિંગ કરતા ક્લાસિસ સંચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# વેપન કાર્ટેલઃ વધુ બેને બે હથીયાર સાથે પકડી લેવાયા

## પીસીબીની કામગીરી આગળ ધપીઃ કુલ ૨૮ હથીયાર અત્યાર સુધીમાં જપ્ત કરાયા



રાજકોટ,તા.૧૭

વેપન કાર્ટેલનો પર્દાફાશ કરી એક પછી એક હથીયારો પકડી રહેલી પીસીબીની ટીમે આ તપાસ આગળ ધપાવતાં વધુ બે શખ્સો વધુ બે ગેરકાયદે હથીયારો સાથે ઝડપાઇ ગયા છે. આ સાથે કુલ ૨૮ હથીયાર અને ૩૨કાર્ટીસ કબ્જે થયા છે.

વિગતો પર નજર કરીએ તો મધ્યપ્રદેશના મુખ્ય સપ્લાયર અને ચોટીલાના મીડલમેનને ઝડપી લેવાયા બાદ એકપછી એક હથિયાર વેંચાણની વિગતો ખુલી રહી છે અને પોલીસ ગેરકાયદે હથિયારો ખરીદનારને ઝડપી રહી છે. પ્રથમ તબક્કે ઝડપી લેવાયેલા ગાવસ્કર ઉર્ફે દર્શન ચંદ્રમૌલીક અનીલ રોજાસરાએ એમ.પી. ના શખ્સ પાસેથી ખરીદેલા હથિયારો પૈકી દેશી બનાવટના ત્રણ હથિયાર અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના કડીયાળી ગામના ખેડુત જીલુ ભુપતભાઇ બારૈયાને વેંચ્યાનું કબલ્યુ હતું.

આ ઉપરાંત દર્શન સાથે ઝડપાયેલા પ્રદીપ અનકભાઇ કરપડાએ સુરેન્દ્રનગરના ચોટીલા તાલુકાના કોરડા ગામના ઋતુરાજ કનકભાઇખાચરને એક હથિયાર વેંચ્યાનું કબલ્યુ હતું. આ બન્ને પાસેથી અનુક્રમે ૩ અને ૧ મળી કુલ ૪ હથિયાર કબ્જે લેવામાં આવ્યા છે. જેમાં જુલી બારૈયા પાસેથી પીસ્તોલ અને એક તમંચો જયારે ઋતુરાજ પાસેથી એક પીસ્તોલ કબ્જે કરવામાં આવી હતી. આ કામગીરી પીઆઇ એમ.આર. ગોંડલીયા, પીએસઆઇ પી.બી.ત્રાજીયા, આર.કે.જાડેજા, એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, પો.હેડ.કોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગૌસ્વામી, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, પ્રદીપસિંહ સરવૈયા પો. કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે, ડ્રા.પો.હેડ.કોન્સ. જયેશભાઇ ગઢવી દ્વારા કરવામાં આવી હતી.

# રાજ્યમાં ૧૦ ગુંઠાનો એકસમાન નિયમ

## ૭૫ વર્ષ જૂના કાયદામાં મોટો સુધારો : જુના નિયમોના પગલે નાના ખેડૂતો પોતાની જમીન વેચી શકતા નહોતા, કે પરિવારમાં ભાઇઓ વચ્ચે જમીનના નાના હિસ્સાની વહેંચણી કે હક્ક દાખલ કરવામાં કાનૂની અડચણો આવતી હતી




રાજકોટ, તા. ૧૭

ગુજરાત સરકાર દ્વારા જમીન વ્યવહારોને વધુ સરળ અને પારદર્શક બનાવવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના ખેડૂતો અને જમીનધારકો લાંબા સમયથી જે રાહ જોઈ રહ્યા હતા, તે મુજબ હવે સમગ્ર રાજ્યમાં જમીન માટે ૧૦ ગુંઠાનો એકસમાન નિયમ લાગુ કરવામાં આવશે. આ નિર્ણયનો સૌથી મોટો ફાયદો એ છે કે વર્ષ ૧૯૪૮ થી અત્યાર સુધી થયેલા 'ટુકડા ધારા' ભંગના તમામ કેસોને કોઈપણ પ્રકારની પેનલ્ટી વગર નિયમિત કરવામાં આવશે. આ પગલાથી જમીન ધારકોને કાયદાકીય ગૂંચવણોમાંથી મોટી રાહત મળશે. રાજ્ય સરકારના આ નિર્ણય હેઠળ શહેરી વિસ્તારોને ટુકડા ધારાની જોગવાઈઓમાંથી સંપૂર્ણ મુક્તિ આપવા પર કામ કરી રહી છે. અત્યાર સુધી જમીનના નાના ટુકડાઓના વેચાણ અને દસ્તાવેજીકરણમાં જે જટિલતાઓ નડતી હતી, તે હવે દૂર થશે. આ નિર્ણયના અમલીકરણ બાદ જમીન ખરીદી-વેચાણના સ્થાનિક ગૂંચવાડા અને જૂના વિવાદોમાં નોંધપાત્ર ઘટાડો થશે. આ પ્રક્રિયાથી જમીન સંબંધી તકરારમાં વેડફાતો સમય અને ખર્ચ બંને બચશે.

વહીવટી સ્તરે પણ આ સુધારાના દૂરગામી પરિણામો જોવા મળશે. બિનખેતી મંજૂરી મેળવવાની પ્રક્રિયા, બાંધકામ પરવાનગી અને જમીનના અન્ય વ્યવહારો હવે વધુ ઝડપી અને પારદર્શક બનશે. સરકારી તંત્રની કાર્યક્ષમતા વધવાની સાથે જમીનના વ્યવહારોમાં આવતા અવરોધો દૂર થતાં રાજ્યના લાખો ખેડૂતો અને નાગરિકોને સીધો લાભ થશે. આ સુધારો સામાન્ય માણસ માટે જમીન માલિકીના હકોને વધુ સુરક્ષિત બનાવશે. વિકાસની દ્રષ્ટિએ જોઈએ તો, સરકારનો આ નિર્ણય રાજ્યમાં વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ અને શહેરી વિસ્તરણને વેગ આપવામાં ચાવીરૂપ સાબિત થશે. જમીનના ટુકડાઓની જે સમસ્યા બાંધકામ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં અવરોધરૂપ બનતી હતી, તે દૂર થવાથી શહેરી વિકાસ વધુ ઝડપી ગતિએ આગળ વધી શકશે. સરકારનું આ પગલું આર્થિક વિકાસ અને જમીન વ્યવસ્થાપનમાં એક નવી દિશા ખોલનારું બની રહેશે.

હાલમાં આ નિર્ણયને અમલમાં લાવવા માટેની પ્રક્રિયા ચાલી રહી છે. રાજ્યપાલ અને રાષ્ટ્રપતિની અંતિમ મંજૂરી મળ્યા બાદ આ સુધારો સમગ્ર રાજ્યમાં સત્તાવાર રીતે લાગુ કરવામાં આવશે. સામાન્ય નાગરિકોની સુવિધા માટે લેવાયેલું એક લોકહિતનું પગલું ગણવામાં આવી રહ્યું છે. આ કાયદો લગભગ ૭૫ વર્ષ જૂનો છે. બદલાતા સમય સાથે અને વધતા શહેરીકરણને કારણે જમીનના નાના ટુકડાઓનું ખરીદ-વેચાણ અનિવાર્ય બન્યું હતું. જૂના નિયમો ખૂબ જ કડક અને જટિલ હતા, જેના કારણે ખેડૂતો પોતાની જ જમીન વેચી શકતા નહોતા અથવા તો ગેરકાયદેસર રીતે સોદા કરવા પડતા હતા. આ સુધારાથી પારદર્શિતા વધશે.

# જમીન વળતર મુદ્દે પડધરીના ૪૪ ગામોમાં રોષનો જ્વાળામુખી

## ખેડૂતોના ત્રણ દિવસીય પ્રતીક ઉપવાસનો શંખનાદ : તંત્ર દ્વારા ૮ ગામના ખેડૂતોને વહીવટી નોટિસો ફટકારવામાં આવતા ખેડૂતોનો સંયમ તૂટ્યો



રાજકોટ, તા. ૧૭

પડધરી તાલુકામાં વીજ લાઈન પસાર કરવા માટે પોલ (વીજ થાંભલા) નાખવાની ચાલી રહેલી કામગીરી અને જમીનના યોગ્ય તેમજ પૂરતા વળતર મુદ્દે સ્થાનિક ખેડૂતોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. લાંબા સમયથી પડતર આ પ્રશ્ને તંત્ર દ્વારા યોગ્ય ઉકેલ ન લાવવામાં આવતા આખરે આજે અન્નદાતાઓએ આરપારની લડાઈના મૂડમાં ન્યાયની માંગ સાથે ત્રણ દિવસીય પ્રતીક ઉપવાસ આંદોલનનો શંખનાદ કરી દીધો છે. આજે સવારે શાસ્ત્રોક્ત વિધિથી દીપ પ્રાગટ્ય કરી ઉપવાસ છાવણીની વિધિવત શરૂઆત કરવામાં આવી હતી, જેમાં પ્રથમ દિવસે જ ૧૫થી વધુ ખેડૂતો અન્નનો ત્યાગ કરી ઉપવાસ પર બેસી ગયા છે.

મળતી માહિતી મુજબ પડધરી તાલુકાના ૪૪ ગામોમાં વીજ લાઈન અને પોલ ઊભા કરવાની કામગીરી ચાલી રહી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત તાજેતરમાં જ તંત્ર દ્વારા ૮ ગામના ખેડૂતોને વહીવટી નોટિસો ફટકારવામાં આવતા ખેડૂતોનો સંયમ ખૂટ્યો હતો અને વિરોધ પ્રદર્શન વધુ વકર્યું છે. ખેડૂતોએ આક્રોશભેર જણાવ્યું હતું કે, તેમની કિંમતી જમીનોમાંથી વીજ લાઈનો પસાર થઈ રહી છે જેના કારણે પાક અને જમીનની કિંમતને મોટું નુકસાન થઈ રહ્યું છે, છતાં વહીવટી તંત્ર દ્વારા યોગ્ય વળતર ચૂકવવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે. જ્યાં સુધી ખેડૂતોની જમીનનું પૂરતું, ન્યાયિક અને બજાર કિંમત મુજબનું યોગ્ય વળતર નક્કી કરી ચૂકવવામાં નહીં આવે, ત્યાં સુધી વીજ પોલ ઊભા કરવાની આ કામગીરીને કોઈપણ સંજોગોમાં આગળ વધવા દેવામાં આવશે નહીં.

પડધરી ખાતે શરૂ થયેલી આ ઉપવાસ છાવણી પર આજુબાજુના વિવિધ ગામોમાંથી મોટી સંખ્યામાં ગ્રામજનો, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને ખેડૂત સંગઠનોના આગેવાનો સમર્થન આપવા માટે દોડી આવ્યા છે. જેમ-જેમ સમય સરકી રહ્યો છે તેમ ખેડૂતોનું આ આંદોલન વધુ વેગ પકડી રહ્યું છે.

બીજી તરફ, આંદોલનની ઉગ્રતાને જોતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસે નહીં અને શાંતિ જળવાઈ રહે તે હેતુથી વહીવટી તંત્ર દ્વારા ઉપવાસ સ્થળ અને તેની આસપાસના વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. હાલ ખેડૂતોના આ આંદોલનને પગલે સમગ્ર પંથકના રાજકારણમાં અને વહીવટી આલમમાં ભારે ગરમાવો આવી ગયો છે.

# મનપાની આંખમાં ધૂળ નાંખતા 'બુદ્ધિશાળીઓ' સાવધાન

## વેરા વળતર યોજનામાં ૧૦૯ ચેક રિટર્ન થતાં મનપા એક્શન મોડમાં, આસામીઓ વિરુદ્ધ કોર્ટ કેસની કાર્યવાહી



રાજકોટ, તા. ૧૭

મહાનગરપાલિકાના વેરા વિભાગ દ્વારા બાકી વેરો વસૂલવા માટે ચલાવવામાં આવતી કડક ઝુંબેશ અને વળતર યોજનાઓ દરમિયાન તંત્રને ગેરમાર્ગે દોરતા તત્વો સામે હવે મહાનગરપાલિકાએ કાનૂની હથિયાર ઉગામ્યું છે. વેરા વળતર યોજના અને મિલકત સીલિંગની કાર્યવાહી દરમિયાન મનપાની ટીમને ખોટા અથવા અપૂરતા બેલેન્સવાળા ચેક પધરાવી દેનારા આસામીઓ વિરુદ્ધ તંત્ર દ્વારા કાયદેસરની ફરિયાદ દાખલ કરવાનો કડક નિયમ અમલમાં મૂકી દેવામાં આવ્યો છે.

તાજેતરમાં જ પૂર્ણ થયેલી મનપાની વેરા વળતર યોજના અંતર્ગત મોટી સંખ્યામાં કરદાતાઓએ પોતાના બાકી વેરાની ચૂકવણી કરી હતી. આ યોજના દરમિયાન કુલ ૪૨૮ આસામીઓ દ્વારા ચેક મારફતે પેમેન્ટ કરવામાં આવ્યું હતું. મનપાના વેરા વિભાગે જ્યારે આ ચેક બેંકમાં વટાવવા માટે મૂક્યા, ત્યારે તંત્ર ચોંકી ઉઠ્યું હતું. ૪૨૮ પૈકી ૧૦૯ ચેક ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાને કારણે અથવા અન્ય ટેકનિકલ કારણોસર રિટર્ન (બાઉન્સ) થયા હતા. મનપાના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા મુજબ, આ બાબતને ગંભીરતાથી લઈને તંત્ર દ્વારા આ તમામ ૧૦૯ આસામીઓ વિરુદ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ (ચેક બાઉન્સની કલમ) હેઠળ વિધિવત રીતે કોર્ટમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી દેવામાં આવી છે.

દર વર્ષે મનપાના વેરા વિભાગ દ્વારા કરોડો રૂપિયાની બાકી વસૂલાત માટે મિલકત સીલિંગ અને મિલકત જપ્તીની ઝુંબેશ ચલાવવામાં આવે છે. આ કાર્યવાહી દરમિયાન અમુક 'બુદ્ધિશાળી' અને રીઢા મિલકતધારકો એક ફોર્મ્યુલા અપનાવતા હતા. જ્યારે વેરા વિભાગની ટીમ જે-તે મિલકતને સીલ કરવા સ્થળ ઉપર પહોંચે, ત્યારે સીલિંગની નામોશી અને કાનૂની જંજાલમાંથી તાત્કાલિક બચવા માટે આસામીઓ સ્થળ પર જ 'સેમ ડે' (તે જ દિવસનો) ચેક લખીને ટીમને આપી દેતા હતા. મનપાની ટીમ ચેક આવી જતાં સીલિંગ કર્યા વગર પરત ફરતી હતી, પરંતુ બાદમાં આ ચેક બેંકમાંથી બાઉન્સ થતાં તંત્રની દોડધામ વધી જતી હતી અને વસૂલાત ટલ્લે ચડતી હતી. મનપાના આ કડક વલણ અને ટેકનોલોજીના ઉપયોગને કારણે આગામી દિવસોમાં ચેક રિટર્નના કેસોમાં મોટો ઘટાડો થવાની અને પ્રમાણિક કરદાતાઓનો સમય બચવાની પૂરેપૂરી સંભાવના જોવાઈ રહી છે. જ્યારે સીલિંગથી બચવા ચેકબુક આગળ ધરનારા લેભાગુ તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### નવો એક્શન પ્લાનઃ સ્થળ પર જ ઓનલાઈન પેમેન્ટ ફરજિયાત કરાશે

વારંવાર બનતી ચેક રિટર્નની ઘટનાઓ અને તંત્રની મજાક ઉડાવતા આસામીઓ પર લગામ કસવા માટે વેરા વિભાગે હવે ફુલપ્રૂફ પ્લાન તૈયાર કર્યો છે. હવેથી મિલકત સીલિંગ કે રિકવરી દરમિયાન કોઈ પણ આસામી પાસેથી ચેક સ્વીકારવામાં આવશે નહીં. તેના બદલેઃ

– ઓનલાઈન પેમેન્ટનો આગ્રહ :– સ્થળ પર હાજર આસામીને ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરવા માટે જ દબાણ કરવામાં આવશે.

– મોબાઈલ એપ ડાઉનલોડ :– મનપાની ટીમ સ્થળ પર જ આસામીના મોબાઈલમાં ઓફિશિયલ એપ ડાઉનલોડ કરાવશે.

– ઈન્સ્ટન્ટ નેટ બેંકિંગ/ઞડ્ઈ :– બેંક ખાતામાંથી સીધા જ રૂપિયા મનપાના ખાતામાં ટ્રાન્સફર થાય તે પ્રકારની સિસ્ટમ સ્થળ પર જ ઓપરેટ કરાવવામાં આવશે.